Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

अस्त्येतत्पुत्रपौत्रादिकमखिलमहो बन्धनायैव लोके,
द्रव्यं चातिप्रमाणं मदमलिनधियां केवलं दुःखदं स्यात् ।
नित्यं तच्चिन्तयित्वा मतिमलहतये प्राप्तये ज्ञानराशेर्,
आत्मानन्द प्रकाशं विदधतु हृदयेऽज्ञाननाशाय जैनाः ॥ १ ॥

पु. २२. | वीर सं. २४५१. वैशाख. आत्म सं. २९ | अंक १० मो.

प्रकाशक-श्री जैन आत्मानन्द सभा-भावनगर

વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ ફર્જ-વા-કર્તવ્ય. (પદ્ય) ... | ૨૩૩ | ૪ ધાર્મિક કેળવણીની આવશ્યકતા. | ૨૪૮ |
| ૨ વિશ્વરચના પ્રબંધ. ... ... | ૨૩૪ | ૫ જૈનોની અક્ષય કીર્તિ. ... | ૨૫૦ |
| ૩ જૈન કુળમાં જન્મેલ મનુષ્યે વ્યવહારમાં કેમ વર્તવું.... ... | ૨૪૨ | ૬ વર્તમાન સમાચાર... ... | ૨૫૪ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી નવપદજીની પૂજા ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત.)

આત્મોન્નતિ માટે શાસ્ત્રાકાર મહારાજે વિવિધ માર્ગો નિર્માણ કરેલા છે. પરંતુ પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણિત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. જ્યારે જ્યારે જિનાલયમાં પૂજાપાઠકો સામસામા બેસી પૂજાની ધૂન તાલ, શૂર, વાજિંત્ર સાથે મચાવી રસપૂર્વક એકતાન થઇ ભાગ લઇ રહ્યા હોય ત્યારે એક અપૂર્વ રમણીય દેખાવ થતાં શ્રોતાવર્ગ તે રસમાં તરબોલ થઈ જાય છે; તેટલુંજ નહીં પણ મનુષ્યોને શું પણ દેવતાઓને પણ તે આકર્ષક બને છે અને સમજદાર મનુષ્ય તો, તેમાં મુગ્ધ બને છે: જેથી તેની ભક્તિ કરનાર વર્ગ તેવા સંજોગમાં કર્મની નિર્જરા ચોક્કસ કરે છે. આ બધું થવા માટે એક તરફ સંગીત પદ્ધતિ પ્રમાણે તાલ, શુરમાં વાજિંત્રની સાથે મિલાવટ થાય તેમ પૂજા ભણાવવી, અને બીજી બાજુ પ્રભુભક્તિ માટે ભણાતી પૂજાના અર્થનું જ્ઞાન હોવું; એમ હોય ત્યારેજ એકલીનતા થતાં હેતુ–મોક્ષ સાધ્ય થાય છે. એવા હેતુથીજ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજ** કૃત **નવપદજીની પૂજા, અમોએ** તેના **ભાવાર્થ, વિશેષાર્થ** અને **નોટ** સાથે તૈયાર કરી પ્રકટ કરેલ છે. **સાથે શ્રી નવપદજીનું મંડલ** તે તે પદોના **વર્ણ–રંગ** અને તેની **સમજ** સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી સાહીની વેલ વગેરેથી **તથા શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ **ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ** કરી ઘણા સુંદર સુશોભિત અને મનહર બનાવી આ **ગ્રંથમાં દાખલ** કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેની **સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ** અને સાથે **શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ** અને **શ્રીમાન્ આત્મારામજી** મહારાજ કૃત નવપદજી **પૂજાઓ** દાખલ કરેલ છે. ઉંચા એન્ટીક પેપર ઉપર ગુજરાતી સુંદર જૂદા જૂદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. એટલે કે બાહ્ય અને અભ્યંતરથી તેની સૌંદર્યતા કરવામાં આવી છે. જેથી તે પ્રમાણે આરાધન કરનાર કે પૂજા ભણાવનાર ને આલ્હાદ ઉત્પન્ન થવા સાથે કર્મ નિર્જરા થતાં મોક્ષ સમીપ લાવી મૂકે છે. આ ગ્રંથનું નામજ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગીતા અને આરાધના માટે તો કહેવુંજ શું ! **શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ** અને ખપી માટે આ એક ઉત્તમ કૃતિ છે. અને તેમાં **ગુરૂમહારાજ, નવપદજી મહારાજનું** મંડલ અને **યંત્ર** આ બુકમાં દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનાર તેની અપૂર્વ રચના જણાયા સિવાય રહે તેવું નથી. આ માટે વધારે લખવા કરતાં તેનો ઉપયોગ કરવા નમ્ર સુચના કરીયે છીયે. **કિંમત રૂા. ૨–૪–૦ પોસ્ટેજ જુદું.**

સિવાય શ્રી નવપદજી મહારાજનું મંડલ કે જે ઉપર જણાવ્યા પ્રમાણે વિવિધ રંગો અને સોનેરી શાહીથી ઘણુંજ સુંદર ઉંચા આર્ટપેપર ઉપર છપાવેલ છે તે તથા શ્રી સિદ્ધચક્રજી મહારાજનો યંત્ર કે જે દર્શન, પૂજન માટે બંને ઘણી ઉપયોગી વસ્તુઓ હોવાથી આ બુકમાં દાખલ કરવા ઉપરાંત છુટી કોપીયો પણ તેના ખપી માટે વધારે તૈયાર કરાવી છે.

**શ્રી નવપદજીનો યંત્ર ચાર આના–શ્રી સિદ્ધચક્રજીનો યંત્ર બે આના–પોસ્ટેજ જુદું,** આ બંને પ્રાતઃકાળમાં ઉઠતાં દર્શન માટે ખાસ ઉપયોગી ચીજો છે માત્ર ઘણીજ થોડી નકલો છે જેથી જલદી મંગાવવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જલદી મંગાવો! નહીં તો તક ખોશો! જલદી મંગાવો!

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( ભાષાંતર. )

## ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

( અનુવાદકઃ—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી )

પ્રભુના જન્મ મહોત્સવ વગેરે કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન, શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્ય જીવોને હિતકર ઉપદેશ અનેક કથાઓ સહિત આપેલ છે. જેમાં તત્ત્વજ્ઞાનનો બોધ એવો આપવામાં આવેલ છે અને તેની અલૌકિક રચના એવી છે કે આ ચરિત્ર ઉત્તમ શૈલીનું છે એમ વાંચકવર્ગને નિઃસંદેહ જણાય છે.

આ ચરિત્ર ગ્રંથોમાં શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણું જ વિશાળ રીતે આપેલ છે, જે બીજે સ્થળે આટલું વિસ્તારપૂર્વક મળવું અસંભવ છે; એટલું જ નહિ પરંતુ આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા-સ્વાભાવનું વિવેચન, અદ્‌ભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વિગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવ-જીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચાર વિચારનું ભાન કરાવનાર અને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માને મોક્ષ પ્રાપ્ત કરવા માટે એક પ્રબળ સાધન રૂપ છે.

ઉંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગથી અલંકૃત કરેલ છે. એક હજાર પાનાના આ બે ગ્રંથની કીંમત રૂ. ૪-૮-૦ પોસ્ટ ખર્ચ જુદો.

આ બંને પ્રભુનાં ચરિત્રો ઘરમાં, પુસ્તકાલયમાં, નિવાસસ્થાનમાં અને કોઇપણ પ્રસંગે સ્મરણ-મનન માટે કોઇપણ પાસે ( બંને ગ્રંથો ) હોવા જોઇએ.

---

ઘણીજ થોડી નકલો સીલીકે છે.

# આદર્શ જૈન સ્ત્રીરત્નો.

પ્રાતઃસ્મરણીય માંગલ્યકારી ચૌદ પવિત્ર માતાઓ-આદર્શ સ્ત્રીરત્નો અને મહાસતીઓનાં વૃતાંતો આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, જે સ્ત્રી જાતિનું મહત્વ અને સ્ત્રીત્વના ગુણોના પરમ વિકાસ કરનાર એક ઉપદેશાત્મક રચના છે.

**સતી ચરિત્રની આ કથાઓ સાથે સ્ત્રી કેળવણી કેટલી જરૂરીયાતની છે? સ્ત્રી કેળવણી કેવી હોવી જોઇએ ? તેનું પણ આ ગ્રંથની શરૂઆતમાં વિસ્તારથી વિવેચન કરવામાં આવેલું છે.** કોઇપણ મનુષ્ય માટે આ ઉપયોગી ખાસ ગ્રંથ છે, જલદી મંગાવો. કિંમત રૂ. ૧-૦-૦ પોસ્ટેજ જુદું.

મળવાનું સ્થળ – શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તૈયાર છે. એક અપૂર્વ ગ્રંથ! તૈયાર છે.

પૃષ્ટ ૫૫૦ **શ્રી દાનપ્રદીપ ભાષાંતર.** કિંમત રૂા. ૩,

( જિન આગમ રૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થ રૂપી તેજને ગ્રહણ કરી જિન શાશન રૂપી મહેલમાં દાન રૂપી દીવાને પ્રગટ કરનાર અપૂર્વ ગ્રંથ )

**(અનેક મહાન્ નરોના ચરિત્રો સહિત.)**

ધર્મના ચાર પ્રકાર–દાન, શીયલ, તપ, અને ભાવમાં દાનધર્મ તે મુખ્ય છે, તે દાન પાંચ પ્રકારે છે. આ ગ્રંથમાં તેના ત્રણ પ્રકારો જ્ઞાનદાન, અભયદાન, અને ઉપષ્ટંભદાન જેમાં સુપાત્ર વિગેરે દાનનો સમાવશ કરેલો છે.

જ્ઞાનદાન વિના કોઇ પણ મનુષ્યને સ્વલ્પ ધર્મ પણ સંભવતો નથી. અભયદાન રૂપી મેઘ વર્ષવાથી તૃણના અંકુરાની જેમ સર્વે ધર્મો વૃદ્ધિ પામે છે તે સિવાય સુકાઇ જાય છે. અને સુપાત્રનું પોષણ કરવાથી ઉપષ્ટંભદાન તે સમગ્ર ધર્મને અવશ્ય ઉપકારક છે.

આ દાન તીર્થંકર ભગવાન ચારિત્ર લીધા પૂર્વે એક વર્ષ સુધી આપે છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ પ્રથમ દેશનામાં દાનધર્મની દેશના આપે છે. જ્યારે શીયલ, તપ, અને ભાવ ગ્રહણ કરનારને ઉપકારક થાય છે, ત્યારે આ દાનધર્મ લેનાર તથા આપનાર બંનેને ઉપકાર થાય છે. આ દાન ધર્મનાં ભેદો તેનું વિસ્તારયુક્ત વર્ણન તેના અભ્યંતર ભેદો, અને આ દાન ધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન પુરૂષોના વીશ અદ્દભુત ચરિત્રો, કથાઓ, અને બીજી અંતર્ગત વિશેષ ચમત્કારીક કથાઓ આ ગ્રંથના બાર પ્રકાશમાં આપવામાં આવેલ છે. ધર્મના ચાર ભેદોમાં તે મુખ્ય હોવાથી તે આદરનારને તે સરલતાથી પ્રાપ્ત થતાં મોક્ષસુખ જલદી પ્રાપ્ત કરી શકે છે જે આ ગ્રંથ વાંચવાથી સહજ માલુમ પડે તેમ છે.

દાનધર્મના માટેનો તેના ભેદો, પ્રકારો, ઉપભેદો અને સરલ વિસ્તાર પૂર્વક વિવેચન અને સચોટ દ્રષ્ટાંત કથાઓ સાથેનો આવો એક પણ ગ્રંથ અત્યાર સુધીમાં પ્રગટ થયેલ નથી. આ ગ્રંથ સાદ્યંત વાંચવાથી ગમે તેવો મનુષ્ય પણ દાનધર્મ આદરવા તત્પર થાય છે અને તેના આત્માની નિર્મળતા થતાં તે જલદીથી પોતા માટે પરમાત્મા સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે. સુમારે ૫૫૦ પાનાનો ૬૩ ફારમનો આ દળદાર ગ્રંથ, ઉંચા અને એન્ટીક પેપર ઉપર સુંદર ટાઇપથી છપાવી–સુશોભિત રેશમી કપડાના પાકું બાઇંડીંગ કરાવી તૈયાર કરેલ છે. આ ગ્રંથની બાહ્ય અને અભ્યંતર સુંદરતા એટલી બધી છે કે તે ખરીદ્યા પછી વાંચ્યા વગર રહેવાતું નથી.

દરેક મનુષ્યોએ પોતાના ઘરમાં–લાયબ્રેરીમાં અને નિવાસસ્થાનમાં તથા મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથ રાખવો જોઇએ કિં. ૩–૦–૦ પોસ્ટેજ અલગ.

---

જલદી મંગાવો ! થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો !

**શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર.**

શ્રી નેમનાથ ભગવાન તથા સતી રાજેમતીનું નવ ભવનું અપૂર્વ ચરિત્ર, સાથે જૈન મહાભારત–પાંડવ કૌરવોનું વર્ણન, અતુલ પુણ્યવાન શ્રી વસુદેવ રાજાનો અદ્દભુત વૈભવની વિસ્તાર પૂર્વક કથા, મહાપુરૂષ નળરાજા અને મહાસતી દમયંતીનું અદ્દભૂત જીવન વૃતાંત, તે સિવાય પ્રભુના પાંચ કલ્યાણકો, પરિવાર વર્ણન અને બીજી અનેક પુણ્યશાળી જનોના ચરિત્રથી ભરપુર, સુંદર ટાઇપ, સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. વાંચતા આહ્લાદ ઉત્પન્ન થાય છે. કિંમત રૂા. ૨–૦–૦ પોસ્ટેજ જુદું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ किं भंते? जो गिलाणं पडियरइ से धगणे उदाहु जे तुमं दंसणेणं पडिवज्जइ? गोयमा! जे गिलाणं पडियरइ । से केणट्ठेणं भंते? एवं वुच्चई? गोयमा! जे गिलाणं पडियरइ से मं दंसणेणं पडिवज्जइ जे मं दंसणेणं पडिवज्जइ से गिलाणं पडियरइ त्ति। आणाकरणसारं खु अरहंताणं दंसणं, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ—जे गिलाणं पडियरइ से मं पडिवज्जइ, जे मं पडिवज्जइ से गिलाणं पडियरइ ॥

पुस्तक २२ ] वीर संवत् २४५१ वैशाख आत्म संवत् २९. [ अंक १० मो.

## " फर्ज—वा—कर्तव्य "

( १ )

સમઝાય જો નિજ " ફર્જ " તો માનવ પણે તે દેવ છે,
સારાંશ શાસ્ત્ર વિલોકતા સહુ દેવ ત્યાં આશ્રિન છે;
જ્યાં આર્ય સંસ્કૃતિ સંભવે પહિચાન પુણ્યપ્રભાવના,
દૈવી પ્રભાનું દૃશ્ય એ બતલાવતા વિદ્વદ્ જના.

( ૨ )

વિધ વિધ જાતી ફર્જની અધિકાર સમજી આચરો,
સાક્ષીત્વ ભાવે સાધ્ય એ સ્વામિત્વ સંજ્ઞા પરિહરો;
ત્યાગી ગૃહિ નિજ નિજ માર્ગે ફર્જ શુદ્ધ બજાવશે,
આત્મિક આનંદ સાથ ઇપ્સિત અર્થને પ્રકટાવશે.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિશ્વરચના પ્રબંધ.

## નિવેદન આઠમું.

( ગતાંક પૃષ્ઠ ૨૧૪ થી શરૂ )

**પૃથ્વી સ્થિર છે** એમ નિશ્ચય થતાં ગતિનું માન પણ ખોટું સમજવામાં આવી જાય છે કારણ કે અંગ્રેજ વિદ્વાનો કહે છે કે પૃથ્વીનો પરીઘ ૨૫૦૦૦ ( ૨૪૮૫૮ ) માઈલનો છે ને તે સૂર્યની આસપાસ દર સેંકડે ૧૮ માઈલ ગતિના વેગથી એક વર્ષમાં ૫૦ ક્રોડ ( ૧૮×૬૦×૬૦×૨૪×૩૬૫=૫૮૫૦૦૦૦૦૦ ) માઇલ ચાલે છે. તે ભ્રમણની દૃષ્ટિએ ગણના કરતાં પૃથ્વી સૂર્યથી ૯॥ ક્રોડ માઇલ દુર છે આ વાત પણ બીન પાયાદાર છે. કારણ કે એક દશ ફુટનું પરિઘવાળું પીપ લઇએ, તેની ઉપર એક લાલ ચિહ્ન કરી તે પીપને ફેરવીયે તો ચિહ્ન ઉપર આવતાં પીપની દશ ફુટની ગતિ થશે, તેમજ પૃથ્વી પણ ૨૫૦૦૦ માઈલના પરિઘવાળી છે તેને મૂળ સ્થિતિએ પહોંચી વળવાને લગભગ ૩૬૫ દીવસ જોઇયે છીએ. તો ૩૬૫ દીવસે તે ૨૫૦૦૦ માઇલની ગતિવાળો એક આંટો દઇ શકે અથવા પોતાની દૈનિક ગતિ માનીયે તો પણ ૨૫૦૦૦ માઇલની ગતિ માનતાં સાચું ઠરે. એટલે સૂર્ય આસપાસ એક વર્ષ ફરવાને તેટલો માર્ગ જોઇયે. આ માત્ર મધ્યમ દૃષ્ટિએ જોઇ શકાય છે છતાં ૯॥ કરોડ માઈલનું મહાન ગતિ ક્ષેત્ર આપ્યું તે કેટલે અંશે સત્ય છે તે વિચારણીય છે. કેમકે ચોકું ચોકું સોળ એવી ગણુતરી સત્ય હોય પણ ચાર શા માટે લીધા તે તપાસવામાં વસ્તુનો સત્યાંશ મળે છે તેમજ અહીં દીનગતિથી સ્કૂની જેમ ચડતી ગતિ માની શકીયે તો કદાચ માની શકાય પણ પૃથ્વીનો પરિઘ અને અઢાર માઈલની ગતિની સત્યતા હોય ત્યારે ના ? માત્ર પૃથ્વી ફરતી માનવાથી ને રવિમાં આકર્ષણ માનવાથી આંકડા ફુટની સાબીતી ઉભી રહે છે, પણ ઉપલી બન્ને ક્રિયાઓ થતી નથી તો આ ગણના સત્ય કેમ ઠરે ?

**વિદ્યાર્થી**—આ ગણનામાં તો વર્ષ પ્રકાશ ગણિતની સહાય છે સૂર્યમાળાની અસત્યતા સાબીત થવા છતાં આ ગણનામાં ફેર પડવાની સંભાવના રહેતી નથી. ફોફોલ્ટના પ્રયોગથી શોધાયું છે કે પ્રકાશનો વેગ દર સેકંડે ૧૮૬૦૦૦ માઈલ છે, હવે બૃહસ્પતિને તેના ચંદ્ર પરથી સૂર્યના પ્રકાશને અહીં આવતાં ૮ મીનીટ લાગે છે. પહેલી જાતના તારાનો પ્રકાશ આવતાં ૧૫ મીનીટ, બારમી જાતિનો ૩૫૦૦ ને અતિ દૂરે ૧૪૦૦૦ વર્ષ લાગે છે એ શોધાયું છે, તો સેકંડ ગતિ માઈલને મીનીટની ત્રિરાશી કરતાં સૂર્ય અહીંથી ૯॥ કરોડ માઇલ દૂર છે, તે પાસેમાં પાસે ૯૧૧૦૦૦૦૦ માઈલ ને દૂરમાં દૂર ૯૪૬૦૦૦૦૦ માઇલ રહે છે.

**અધ્યાપક**—તમો પણ કબુલ કરશો કે આ વાતનો પણ સૂર્યમાળા સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધ છે. કારણ કે વર્ગ મહત્ત્વ કે જાતિ એ સૂર્યમાળામાં સંજ્ઞાઓ છે તો સૂર્યમાળાના વૃથા વાદમાં ઉપલી વાતને પણ પાણીચું પરખાવવું પડે છે, તેમજ પ્રકાશ પરથી પણ એ કથન અસત્ય ઠરે છે. સૂર્યના પ્રકાશને અહીં આવતાં જરા પણ વાર લાગતી નથી. આકાશમાં વાદળાં જેમ ચાલે છે તેની છાયા પણ તેની સાથે ગમન કરે છે ને પછવાડે સૂર્યનો પ્રકાશ અવિલંબે પડ્યા કરે છે આમાં કાંઇ પણ તફાવત પડતો નથી. ઉદાહરણ તપાસીયે તો વીજળીનો ઝબકારો તુરત આપણે નીરખી શકીયે છીયે. જો કે ગર્જારવ માટે વીજળી થયા પછી ઘણો વખત ચાલ્યો જાય છે, પણ પ્રકાશના ચમત્કારની આપણને તુરત અસર થાય છે. વિદ્યુત્માછલી ઝગમગવાળી માછલીના પ્રકાશથી પણ પ્રકાશ ગતિમાં કાળક્ષેપ કલ્પી શકાતો નથી. તેમ રવિને દેખતાની સાથે જ આપણે તેના પ્રકાશને દેખીયે છીયે. દીવાનો પ્રકાશ પાસેના ભાગમાં અતિશય ને દૂર ભૂમિમાં ઓછો દેખાય છે તેમ માત્ર સૂર્યમાં ફેરફાર જણાય બાકી પ્રકાશને આવતાં અંતર છે જ નહિ.

**સૂર્યપન્નતિમાં** રવિના ગતિ માંડલા ૧૪ ને બીજા ગ્રહોના ગતિમાર્ગ ૮ વગેરે કહ્યા છે. તેજ પ્રમાણે તેનું ગમન ક્ષેત્ર છે તેમાં સૂર્ય વગેરે ફરે છે.

**વિદ્યાર્થી**—સૂર્ય પૃથ્વીથી બાર લાખ ગણો મોટો છે જેમકે એક મોટી અગ્નિની ચીત્તા કરો ને પાસે શેર કે બશેર માટીનો ગોળો રાખો તેમાં અગ્નિ તે સૂર્ય, ગોળો તે પૃથ્વી, અજવાળા તરફનો ભાગ તે દીવસ ને અંધારા તરફનો ભાગ તે રાત્રી, કલ્પો આ પ્રમાણે પૃથ્વી નાની છે ને સૂર્ય મોટો છે ?

**અધ્યાપક**—આ વાત પણ અસત્ય છે. રોટલીને તાવડી પર ફરી ફરી ફેરવતાં ઉની થતી જાય છે તેમ તમારી વાત માની લઇયે તો પૃથ્વીમાં ઉષ્ણતા વધે ને આવી અગ્નિ પાસે તે નિત્ય તત્પજ રહે પણ તેમ બનતું નથી, તો સૂર્યને નાનો માનવો પડે છે ને સુર્ય નાનો છે તો તે ઉદયાચલ પર આવતાં આપણું ને તેનું અંતર ઘણું હોવાથી ઠંડો દેખાય છે. મધ્યાન્હે—ઉષ્ણ ને વળી સાંજે ઠંડો દેખાય છે.

**વિદ્યાર્થી**—પાશ્ચાત્ય વિદ્વાનો કહે છે કે દર ૨૦ વર્ષે રવી ૧ માઇલ ઘટે છે આ રીતે બે હજાર વર્ષે થતો રવીનો સંકોચ પણ ઇંદ્રિયગ્રાહ્ય થઇ શકે તેમ નથી. મી૦ **હેમહોલજ** પણ કહે છે કે સૌર જગતનો રાજા રવિ સંકોચાવાથી અતિ ગરમી વધે છે. રવિ ૮૫ માઇલ માત્ર ઓછો થવામાં જે ઉષ્ણતા થાય છે તેથી ૨૨૯૦ વર્ષ તાપ ફેલાશે. વળી અત્યારે સૂર્યની અલ્પાધિક ગતિનું કારણ તપાસીયે તો તેઓ કહે છે કે કિરણો વાંકા પડવાથી ઓછી ને સીધા પડવાથી વધારે ગરમી પડે છે.

**અધ્યાપક**—બુદ્ધિથી ઘડેલ કોરડાનો ઉત્તર બુદ્ધિથી જ ઉકલે છે. તમારી કેટલીક માન્યતામાં સંમત્ત વ્યક્તિઓના આ વાતથી વિરૂદ્ધ મત છે જુઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વીલીયમ ટાઈમ્સના** મતે રવિનું તેજ ૬૦૦૦ વર્ષ સુધી હાલની જેવું રહેશે. કેટલાક વર્તમાન વિદ્વાનો કહે છે કે વાયુપદાર્થમાંથી ગરમી નીકળતાં તે વધારે સંકોચાય છે એ નિયમે રવિ દર સો વર્ષે ૪ માઇલ ઘટશે. આ કારણેજ રવિમાં ગરમી છે એમ માનવું ( વિશ્વોત્પત્તિ તત્ત્વ ) પણ આપણે તો આ પ્રશ્નોત્તરના બંન્ને મતો ખોટા માનવાના છે જે માટે ઘણા વિરોધ મત છે. **તારડેન્સ જેલ્ડ** પૃથ્વીનો દર વર્ષે ૫૦૦ ટન વધારો માને છે. અહીં સૂર્યની સંકોચતા માની છે પણ તેવું કાંઇ બનતું નથી તથા વાયુ પરાવર્તનથી કિરણોનું વક્રીભવન મનાય છે તે પણ ઠીક નથી પણ સ્પષ્ટ રીતે પૃથ્વી મોટી છે અને રવિ નાનો દેખાય છે, વળી જેમ સૂર્ય ઘરની એક બાજુ જ્વલંત તાપ આપે છે, અને બીજી બાજુ ઓછું અજવાળું આપે છે તેમ સૂર્ય પૃથ્વીથી મોટો હોય તો પોતાના સર્ચલાઇટથી અધિક તેજસ્વી એકજ કીરણવડે પૃથ્વીની ચારે બાજુ પ્રકાશ ફેલાવી શકે તેમ બનવું જોઇએ, જ્યારે સંપૂર્ણ રવિ માટે તો પુછવુંજ શું ! પરંતુ આ પરિસ્થિતિ દેખી શકાતી નથી ( જુઓ બે ફૂટ વ્યાસવાળી સર્ચલાઈટ અને ૪૩૦ ફૂટ દૂર રહેલો વટાણો યાને ૪૩૦÷૨૪= એક ઇંચ પ્રમાણવાળી સર્ચલાઈટ અને ૧૮ ફૂટ દૂર ટાંગેલ વટાણો ) પણ સૂર્ય પૃથ્વીની પ્રત્યે એક સર્ચલાઇટ જેવું કામ કરે છે તેથી દિનરાત્રિના બનાવો સાચા બને છે.

વળી તમારી માન્યતામાં અરૂણોદય કે સંધ્યા માટે સ્પષ્ટ ખુલાસો મળતો નથી, કારણકે જે સાયંકાલે સંધ્યા ખીલે છે તેમાં કદાચ સૂર્યની એક બાજુ સંધ્યા ખીલવનારો પ્રકાશ માનીયે તો સૂર્યની બીજી બાજુ જતાં પણ પૃથ્વીમાં સંધ્યા થવામાં વાંધો આવી ઉભો રહે છે. કદાચ દરેક તરફ એવો પ્રકાશ માની લઇયે તો હંમેશાં નિરંતર સાંજે અને સવારે એક સરખી સંધ્યા ખીલવી જોઇયે. આ પ્રમાણે ગુંચવાડો ઉભો થાય છે. તેથી હવે આધુનિક પાશ્ચાત્ય વિદ્વાનો તો પૃથ્વીને ધૂમકેતુની જેમ પુંછડું હશે, એવા વિચારમાં ખેંચાયા છે. તથા સૂર્ય સવારે ઘણીવાર લાલ દેખાય છે, આનું સ્પષ્ટ કારણ સૂર્યને મોટો માનનાર નહીં આપી શકે પણ પૃથ્વીને સ્થિર માનનાર તુરત કહેશે કે રક્ત ઉદયાચલના સંયોગથી સૂર્યમાં લાલાશ દેખાય છે. આવી દલીલોથી સ્પષ્ટ થાય છે કે સૂર્ય પૃથ્વીથી નાનો છે

**વિદ્યાર્થી**—પણ પૃથ્વી તો ગોળ દડા જેવી છે શું ?

**અધ્યાયક**—ના.

**વિદ્યાર્થી**—ડોકહીકીન્સકુડ વિગેરે ભૂભ્રમણ કરી આવ્યા છે ( ખ. વિ. ) તેથી રવિ સમદ્રમાં ડુબે છે. દેવો તેને મારી બીજે દીને બીજો સૂર્ય ઉગાડે છે, અથવા વરુન દેવ સૂર્યને પશ્ચિમમાંથી પૂર્વમાં લાવી સ્વ વડાણમાંથી ઉગાડે છે. આ પુરાણ મતો ખોટા ઠર્યા છે ને સાબીત થયું છે કે સૂર્ય અસ્ત થતોજ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી ભૂ પ્રદક્ષિણામાં નરને ૪૨૮ દીવસ અને ધ્વનિને ૩૨ા કલાક લાગે છે તો પૃથ્વી ગોળ દડા જેવી છે.

**અધ્યાપક**—ફ્રાંસના ખગોળ શાસ્ત્રીયે દુર્બીન વતી ગ્રહમાં હાથીને જોયો ને જુના અનુભવીને જણાવ્યું પણ ખરૂં; આખરે વિશેષ તપાસ કરતાં જણાયું કે તે દુર્બીન સામે ઉંદરડી આવી ગઇ હતી ( ખ૦ ) વલી હર્શલે પણ એક રાણીને શનીં દેખાડવા દુર્બીન ગોઠવ્યું ને સામે બગીચાની ભીંત પર શનિનું ચીત્ર મુકાવી દુર્બીનનો છેડો તે તરફ ગોઠવી રાણીને શનિ દેખાડ્યો હતો, તો આવી રીતે ભૂલ આદિના કારણે બનતું હોવાથી દરેક વાત એકદમ વિશ્વાસી માની શકાતી નથી, બાકી જ્ઞાન અને બુદ્ધિથી વિચારતાં તો પૃથ્વી ગોળ છે એમ માની શકાતું નથી પણ સૂર્યાસ્ત નથી એ વાત ચોક્કસ છે.

**વિદ્યાર્થી**—ફેબ્રુઆરી તા. ૧૦ મીએ ૨૪ ક. ૧૪ મી. ૨૮ સેંકડનું દીનમાન હોય, જુલાઇ તા. ૨૭ મીએ ક. ૨૩. ૫૩. મી. સે. ૪૬ નું દીનમાન હોય. એપ્રીલ તા. ૧૫ જુન ૧૪ ૩૦ ઓગસ્ટ ૩૧ ડીસેમ્બર ૨૪ એ ચાર દીવસ ચોવીસ કલાક દીનમાન હોય આનું કારણ શું ? ( ખ. વિ. )

૩૦ ઇંગ્લાડમાં જુનની ૨૧ મીએ સૂર્યોદય ૩. ૪૪. અસ્ત ૮. ૧૮ ડીસેંમ્બરની ( શીયાલા) ૩૧ મીએ ઉદય ૮. ૮ અસ્ત ૩. ૫૮ થાય છે જેથી ૪. ૫૮ બત્તી થાય છે તથા પ્રથમ ( દલપતકવિ ) મકર સંક્રાન્તિ ૧૨ જાન્યુઆરીએ ને હાલ ૧૪ જાન્યુઆરીએ પળાય છે પણ મકર સંક્રાન્તિ થનારી તારીખ તો ૨૧ ડીસેંમ્બર જોવાય છે ( ખ. ) આ અંગ્રેજી વર્ષના ચણતરમાં બહુ ગોટાળા થયા છે જે માટે તે વિષયના ગ્રંથો તપાસવા જરૂરી છે.

## દિવસની લંબાઇનું માપ.

દિવસ અને રાત્રીનું માન દરેક સ્થાનમાં સરખું હોતું નથી. દીવસ અને રાત્રીના માનમાં અલ્પાધિક ફેરફાર રહે છે. સર્વે પક્ષાએ મોટામાં મોટો દીવસ કેટલા દેશોમાં કેટલા કલાકનો છે તે નીચેની નોંધપરથી સમજી શકાશે.

સ્વીડનનાષ્ટકહલમ્ શહેરમાં લાંબો દીન ૧૮ાા ઘંટાનો સ્થાયી હોય છે ને તે દીવસની રાત્રી ૫ાા કલાકમાં શેષ રહે છે ( ! )

સ્પિજબાર્જન નગરમાં દર વર્ષે પંદર દીવસ લાંબા હોય છે. પછી કેટલાક વખત સુધી રાત્રીની લંબાઇ વધે છે.

લંડન બ્રેમન અને પ્રુશીયામાં લાંબા દિનનું માન ૧૬ાા કલાક હોય છે જ્યારે હામબર્ગ ( જર્મની ) ડાન્જીક ( પ્રુશીયા )નગરમાં ૧૭ કલાક હોય છે.

નોર્વેના વાર્ડબુરિનગરમાં ૨૧ મેથી ૨૨ જુલાઇ સુધી એટલે ૬૩ દિવસોની લંબાઇ બહુ મોટી હોય છે પેટ્રોગ્રાડ ( રૂશિયા ) ટોબલસ્ક ( સાઇબેરીયા ) માં મોટો દીવસ ૧૯ કલાકનો ને નાનો દીવસ ૫ કલાકનો હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટાર્નિયા ( ફીન્લાન્ડ ) નગરમાં ૨૧ મી જુને ૨૨ કલાકનો દીવસ હોય છે તે નાનામાં નાનો દિવસ ૩ (૨) કલાકનો હોય છે.

ન્યુયોર્ક ( અમેરીકા ) માં મોટા દિવસોની લંબાઇ ૧૫ કલાકને મન્ટરેયાલ અને કાનડામાં ૧૬ કલાક હોય છે.

આ લાંબા દિવસો તે દર વર્ષે આવતાં લાંબા દિવસો સમજવાં. હિંદુસ્તાનમાં ઋતુઓના ફેરફારને લીધે રાત્રી દીવસની લંબાઇમાં ( પોષ અને જેઠ માસમાં) બે ચાર કલાકનો તફાવત હોયછે.

( પ્રવાસી. ૨૨/૮ )

**અધ્યાપક**—સુર્ય નાના અને મોટા માંડલામાં ફરે છે તેથી દીન માનને રાત્રી માનમાં ફેરફાર પડે છે. ઋતુ ફેરફાર પણ તેને લઇને થાય છે. ( જે વાત આગળ દેખાડવામાં આવશે )

**વિદ્યાર્થી**--રવિ એક સાથે ઉગતો નથી તેનું કારણ પૃથ્વી સપાટ નથી એમ સમજાય છે જેથી ઉનાળે અમદાવાદની મધ્યરાત્રીના સમયે ઇંગ્લાંડમાં સાંજ પડે છે વળી હિંદુસ્તાનમાં પણ સૂર્યોદય કાળના ફેરફારો જોઇ શકાય છે.

**અધ્યાપક**--આનું કારણ માત્ર એટલું જ છે કે સૂર્ય પાસેની ભૂમિમાં પ્રકાશ નાંખે છે ને જેમ જેમ આગળ વધ્યો જાય છે તેમ તેમ નવી નવી ભૂમિમાં કિરણો નાખતો જાય છે ને પાછળની ભૂમિમાં અંધારૂં થતું જાય છે; જેમ દીવાનો પ્રકાશ અમુક ભૂમિમાં પડે છે તેમ સૂર્ય માટે સમજવાનું છે કદાચ સૂર્ય પૃથ્વીથી મોટો હોત તો માત્ર આ ફેરફાર ન થાત એટલે સૂર્યનો પ્રકાશ દરેક સ્થાને ફરી વળે છે, ને " **શ્રીમાન્ સાગરાનંદસુરીશ્વરજી** ના વચન " પ્રમાણે કહીયે તો ભરતખંડમાં જુદા જુદા પ્રદેશોને આશ્રીને દરેક કાળે સૂર્યોદય ને સુર્યાસ્ત થયા જ કરે છે

**વિદ્યાર્થી**--ધ્રુવ પર ૭ માસ દીવસ ને ૭ માસની રાત્રી હોય છે ત્યાં કુક સાહેબ જઇ આવ્યા છે. ત્યાં વહાણું (પરોઢીયું. સવાર) થવાની વિચિત્ર ક્રિયા જોઇ **લોર્ડડીફરીન**નો કુકડો મરી ગયો હતો. ત્યાં માર્ચ તા. ૧૬ થી ૧૯૪ દીવસ રવિ તેજ રહે છે. ૪૮ દિવસ સંધ્યા પ્રકાશ. ૭૬ દીવસ અંધારૂં અને ૪૭ દીવસ અરૂણ પ્રકાશ થાય છે આશું માનવું ? ડો. વોરનની નંદનવની પદ્ધિ પ્રમાણે આ માનવું કે ? ( રા. તિલકકૃત. મૃગશિર્ષ )

**અધ્યાપક**—આ સ્થિતિ ઉત્તરમાંજ થાય છે, પણ દક્ષિણમાં થતી નથી અને ત્યાં રાત્રી માટેના ફેરફારો પણ જોવાતા નથી. ત્યારે છ માસનો દિવસ થવાનું કારણ પણ કોઇ વસ્તુનું આવરણ આવે છે. એમ સહુ કોઇ કબુલ કરે છે. ઉત્તર ધ્રુવ દેખાય છે પણ તેની સ્થિરતા માટે કેટલાક તો ચોક્કસ મત આપવા એકદમ હામ ભીડતા નથી ( જયો. જ્ઞા ) તેમ ત્યાં જઇ શકાતું નથી પણ જ્યાં આ ફેરફારો થાય છે ત્યાં કેટલાક માણસો જઇ શકે છે તે છ માસનો દીવસ છે એમ પણ જણાવે છે ત્યારે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વાત કેમ બને છે તે માત્ર તપાસીયે. કચ્છદેશમાં ભચાઉ ગામ છે, ત્યાં દિનમાનમાં લગભગ ૦ાા કલાકનો ફેર પડે છે ને અંગીયા ગામમાં પણ સૂર્ય મધ્ય માંડલે હોતાં દીનમાનમાં લગભગ ૧૦ મિનિટનો ફેર પડે છે.

માર્સેલ્સમાં જેમ અસ્તકાલે રવિની આડો પર્વત આવે છે તેમ પર્વત કે ટેકરી આડે આવવાથી આ ફેરફાર થાય છે. હવે વિશેષ સમજણ માટે એક ઉદાહરણથી સારો લાભ થશે.

એક મકાન ઉપર અગાશીમાં એક માણસ દીવો લઈ સૂર્યની જેમ ફેરવશે તો અગાશીની સીધી ભીંતની નીચે બેઠેલા લોકોને તે દીવાનો પ્રકાશ દેખાશે નહીં ( જુઓ ચિત્ર પાંચમું ) હવે તેજ દિવાને અગાશીની બહાર એકકે હાથ દુર દીવો રાખી ફેરવશો તો તેનો પ્રકાશ નીચેના મનુષ્ય પર પડશે ( ચિત્ર. છઠું ) તેમજ વૈતાઢ્ય પર્વતની નજીકમાં રહેલા માણસોને સૂર્ય અભ્યંતર માંડલે આવતા સૂર્ય દેખાતો નથી ને તે કારણે ઉપલો ફેરફાર પડે છે

**વીદ્યાર્થી**—પૃથ્વી સપાટ છે તો સામેથી આવતી આગબોટનો પ્રથમ થોડો ભાગ ને પછી અધિક ભાગ કેમ દેખાય છે? ત્રણ લાકડી સીધી રાખીયે તો વચલી મોટી ને પછી નાની કેમ દેખાય છે? સરખા તારના થાંભલાની હાર જોઇશું તો પહેલો મોટો, પછીના ક્રમે નાના દેખાય છે આનું શું કારણ! જો પૃથ્વી સપાટ હોત, તો બધા સરખા દેખાત, પણ તેમ દેખાતું નથી, તો પૃથ્વી ગોળ દડા જેવી છે. જેથી મી૦ વૉલેસે ૧૩ ફુટ ને ૪ ઈંચના ત્રણ વાંસના પાણીમાં ત્રણ ત્રણ માઇલ ને આંતરે ઉભા કરીને તપાસ્યું છે ને જણાવે છે કે પૃથ્વીના ગોળાકારને નહેર ખોદનારા ઈજનેરો ધ્યાનમાં લેતા નથી તે તેની ભૂલ છે (ખ૦)

**અધ્યાપક**—હું તમને એક પ્રશ્ન પુછું છું તેમાંજ તમારા પ્રશ્નનો ઉત્તર આવી જશે, જેને તમે પૃથ્વીથી ૧૦ ગણો માનો છો તે સૂર્ય આપણને કેમ નાનો દેખાય છે? ( કચ્છના ધાબો ડુંગર તપાસો ).

**વિદ્યાર્થી**—એક ફુટ લાંબો ગોળો ૧ માઇલે અદૃશ્ય થાય છે એમ અસલ વસ્તુ ૫, હજાર ગણે છેટે રાખવાથી અદૃષ્ય થાય છે ( જ્યો. જ્ઞા. ) એટલે તે વસ્તુ બહુ દૂર રહેલી હોય તો આપણી દૃષ્ટિના દોષને લઈને તેને આપણે સંકોચાયેલી જોઇયે છીયે, તેમ સૂર્ય પણ મોટો હોવા છતાં નાનો દેખાય છે.

**અધ્યાપક**—તો તમો તેમાં સંકોચ જે જોઇ શકયા છો તે દૃષ્ટિદોષને લીધેજ છે. તેમ તારના થાંભલા કે આગબોટ વગેરે જે ભાગો દેખાય છે. તે ઉપરના ભાગ છે એમ નથી પણ સંકોચાયેલો આખો ભાગ દેખી શકાય છે હવે ઉપલી વસ્તુઓમાં જેમ ઉપરને નીચેથી સંકોચ જોઇ શકીયે છીયે તેમજ તેને આડી રાખશો તો બન્ને બાજુના સંકોચની પણ ખબર પડશે. એક રેલ આડી જતી હોય ને બે ગાઉ ઉપરથી તેને જોઇશું તો તેની લંબાઈ સો ફુટ હશે તોપણ આપણને ૩ કે ૪ ફુટ લાગશે. વળી પછવાડે ગાર્ડનો લાલ ડબ્બો હોય છે જેની પહોળાઇ છ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાત ફુટ હોવા છતાં તે દૂરથી દેખતાં એક ફુટ જ પહોળો લાગશે. આ પ્રમાણે વસ્તુઓ નાની દેખાય છે તેમાં આપણે કોઇ ઉપાય ન રહેવાથી દ્રષ્ટિનો દોષ કાઢવો પડે છે. હવે ઉંચી રહેલ વસ્તુને દ્રષ્ટિના દોષે નાની દેખીયે ને પૃથ્વીના વાંકને લઇને તે ભાગ દેખી શકાતો નથી એમ કહીયે એ ઉચીત કેમ કહેવાય ? વળી એક માણસ રણમાં આવતો હોય કે ઉંટ આવતો હોય ત્યારે દ્રષ્ટિનાખીશું તો આપણને ઉપરનો ભાગ દેખાય છે એમ માનીશું, પણ દુર્બીનથી જોતાં માણસનો કે ઉંટનો ઘણો ભાગ દેખાશે ને તુરતજ કહીશું કે આ માણસ કે આ ઉંટ આવે છે. હવે વિચાર કરીએ કે પૃથ્વી ગોળ હોય ને તે કારણે માણસનો નીચેનો ભાગ ન દેખાતો હોય તો પછી દુર્બિન વતી જોવાથી તેનો નીચેનો ભાગ કયાંથી દેખી શકાય ? માટે વસ્તુનો સંકોચ આપણે જોઇ શકીયે છીએ ને તે વસ્તુ ઘણે દૂર રહેતાં તેને આપણે જોઇ શકતાં નથી, વળી કચ્છનો ધાબો ડુંગર જોતાં તો પૃથ્વીની દડા જેવી સ્થિતિ સંભવતીજ નથી. દ્રષ્ટિદોષને લઇને નીચેના ફેરફારો દેખાય છે ને આપણે સમજી શકીયે છીયે.

૧ એક સરખી ઉંચાઇનું મકાન જોઇશું તો આગળનો ભાગ ઉંચો ને પાછળનો ભાગ નીચો દેખાય છે ને જેમ જેમ આગળ જઇશું તેમ સામેનો ભાગ પણ ઉંચો દેખાશે.[૩૧]

૨ રેલના સમાન અંતરવાળા પાટા પર સીધી દ્રષ્ટિ નાખીએ તો આગળનો પહોળો ને પાછળનો ભાગ વાંકાશને લઇને સાંકડો બનતો દેખાય છે. ઘણે દૂર દ્રષ્ટિ નાંખતા તો એકદમ મળેલો–ભેગો થયેલો દેખાય છે ને અતિ દૂર તપાસ કરતાં અદ્રશ્ય લાગે છે એટલે તે પૃથ્વીના ઢોલમાં નમી ગયો હોય એમ આપણને લાગે છે. ( જુઓ ચિત્ર ૭ મું )

૩ શહેરોમાં સીધી બજારની બન્ને લાઇનો જોશો તો આગળનો ભાગ પહોળો ને પાછળનો ભાગ બહુજ સાંકડો એટલે બન્ને બજારો ભેગી થઇ ગઇ હોય તેવી દેખાય છે—પણ તે સ્થાને પહોંચતા તો તે ભાગ પહોળો દેખાશે. જ્યારે પ્રથમ જે સ્થાનને આપણે વિસ્તારવાળું જોઇ શકયા હતા તે હવે સાંકડું દેખાશે.

૪ સમાન અંતરે રહેલી બંન્ને વૃક્ષની લાઇનવાળો બગીચાનો માર્ગ તપાસીશું તો આપણી પાસેના ભાગમાં આપણે મહાન વિસ્તાર જોઇ શકીશું ને તેટલું અંતર સામેના છેડાના વૃક્ષોમાં પરસ્પર હોવા છતાં આપણે તે વૃક્ષોના જુથને થડને ભેગા થયેલા દેખીશું—

૫ સરખી ઉંચાઇવાળા ચોખંડા વિશાળ ઘરમાં એક છેડે ઉભા રહી સામે દ્રષ્ટિ નાખીશું અથવા મધ્યમાં ઉભા રહી ચારે બાજુ જોઇશું તો ઉપરનો ને

૩૧ જે સ્થાને આપણે છીએ તેની પાસેનો ભાગ કાંઇક વધારે પહોળો ને પછી સાંકડો દેખાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચેનો ભાગ ભેગો થયો હોય એવો દેખાય છે ને બંને પડખેનો ભાગ પણ સંકોચાયેલો દેખાય છે પણ તે તરફ ચાલતાં તેની મૂળ સ્થિતિનું આપણને ભાન થાય છે.

૬ એક સપાટ ભૂમિપર ઉભા રહી ઉત્તરમાં દૃષ્ટિ નાંખીશું તો પૃથ્વીને ને ધ્રૂવને બહુ પાસે રહેલા દેખીયે છીયે, પણ જેમ જેમ ઉત્તરમાં જઇશું તેમ તેમ પૃથ્વીના ને ધ્રુવના વિશાળ અંતરનું દિગ્દર્શન થશે. એટલે જેમ જેમ ઉત્તરમાં આગળ વધીયે તેમ તેમ ધ્રુ ઉંચો ઉંચો દેખાય છે ( ખ. વિ. )

૭ સૂર્ય પાસે જઇ તપાસીયે તો તે સૂર્ય દર કલાકે ૧૩૧૨૮ $\frac{૧૨}{૨૪૦}$ યોજન જાય છે, વળી અહીંથી ઉદયાસ્તવાળા પાસેના પ્રદેશમાં કલાકે વાર, મધ્યાન્હકાળે દુર પ્રદેશમાં વેંત કે ફુટ જતો દેખાય છે.

૮ એક દીવાનો પ્રકાશ પુંજ દૂરથી અલ્પક્ષેત્ર રોકનારો ને પાસેથી વિશાળ ભાગ રોકનારો નીરખીયે છીયે.

૯ એક રણમાં ઉભા રહી ચારે તરફ દૃષ્ટિ નાખીયે તો પૃથ્વી ને આકાશ ભેગા થયેલા દેખાય છે, ને દૃષ્ટિ તો એમજ કહેવા માંડશે કે સો બસો માઇલ ઉપર જરૂર બંને મળેલા હશે, પણ બસો માઇલ તો શું બલ્કે લાખો માઇલપર જઇ તપાસ કરો તો પૃથ્વીને આકાશનું જેટલું આતરૂં છે તેટલું ત્યાં પણ દેખાશે.

दूरस्थैर्दूरेतो नूनं नैरविज्ञानपारगैः, दृश्यतेच शुभाकारं धरायां संगतं नभः ॥१॥

ઉપર પ્રમાણે નેત્રની નિર્બળતાને લઇને સંકોચ દેખાય છે (વાતારણથી) પણ તેને સહાયક કાચ કે દુર્બીન મળતાં તે પોતાનું કાર્ય વધારે સ્પષ્ટ કરે છે, હાલ દુર્બીનોથી ઘણા ગ્રહો દેખાય છે, આ રીતે દુર્બીનથી દેખવામાં પણ અપૂર્ણતા રહેલી છે, કેમકે જેમ જેમ સારૂં દુર્બીન હશે તેમ તેમ સામી વસ્તુનું સુંદર સ્પષ્ટીકરણ થશે જેથી જેમ જેમ નવા દુર્બીન શોધાય છે તેમ તેમ તેમાંથી વધારે જાણવાનું મળી આવે છે. વર્તમાનકાલીન દુર્બીનો કરતાં પણ વધારે સારાં સૂક્ષ્મ દર્શક યંત્રો જેમ જેમ મળશે તેમ તેમ વધારે સ્પષ્ટતા થશે પણ સામે રહેલી સમસ્ત વસ્તુનું સત્યજ્ઞાન કરાવનાર અદ્વિતીય દુર્બીન જો મળે તોજ દરેક વસ્તુનું સત્ય આપણે જાણી શકીયે ત્યાંસુધીની બુદ્ધિવાદથી કે માત્ર પ્રત્યક્ષ પ્રમાણથી કહેલી વાતોસાચી માની શકાય નહીં. યુનાઇટેડસ્ટેટની બ્યુલામીલર નામની દશ વર્ષની કન્યાની નેત્રશકિત દુર્બીનને પણ ઓળંગી ગઇ છે તે પોતાની નરી આંખે નક્કર પદાર્થોની આરપાર જોઇ શકે છે. બસ આખરે ખરૂં અંતિમ દુર્બીન તો મહા પ્રભાવશાલી સર્વજ્ઞ મહાત્માઓના હૃદય સાથેજ ગોઠવાયેલું છે. આ મહાત્માઓના વચન કદી પણ નિષ્ફલ જતા નથી. તેઓ સ્વશકિતથી જોઇનેજ કહે છે કે સૂર્ય ગ્રહો વગેરે પૃથ્વીથી નાના હોઇ પોતાની મર્યાદામાં ફરે છે ને પૃથ્વી એ એક સ્થિર પુદ્દગલોનો સમુદાય છે ને તે પણ ચપટી છે. ( ચાલુ )

## નિવેદન આઠ સમાપ્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનકુળમાં જન્મેલ મનુષ્યે વ્યવહારમાં કેમ વર્ત્તવું?

"જેનો વ્યવહાર શુદ્ધ તેનો ધર્મ શુદ્ધ" એ હકીકત સત્ય હોવાથી જૈન તો શું પરંતુ કોઇ-પણ મનુષ્યે પોતાના વ્યવહારમાં કુટુંબ વગેરે સાથે કેમ વર્ત્તવું તે આવશ્યક બીના છે, જેથી આ લેખમાં સામાન્ય અને સરલ રીતે તે બતાવવામાં આવ્યું છે. આ પ્રમાણે વ્યવહારમાં વર્તન કરનાર મનુષ્ય જૈન નામ ધારણ કરવાને અધિકારી છે. તેથીજ આવો સાદો વિષય પણ અતિ મહત્વનો હોઇ અમારા વાંચકવર્ગ સમક્ષ રજુ કરીયે છીયે. આ વિષય શેઠ અમરચંદ તલકચંદ માંગરોળ નિવાસીએ સંગ્રહ કરેલ અનેક વિષયો પૈકીનો એક હોઇ, જૈન સમુદાયના ઉપકાર માટે મુનિરાજ શ્રી કપૂરવિજયજી મહારાજે પ્રકટ કરવાની સુચના કરેલ હોઇ પ્રકટ કરવામાં આવી છે. ( પા. થી સુધી. ) ( સેક્રેટરી. )

## માબાપની સાથે કેમ વર્ત્તવું તે વિષે.

માબાપની સેવા મન, વચન અને કાયા. એ ત્રણ પ્રકારે થાય છે. કાયાએ કરીને પિતાના શરીરની સેવાભકિત સેવકની પેઠે વિનયપૂર્વક કરવી. પિતાના મુખમાંથી વચન નીકળતાંજ તે પ્રમાણે કરવું. પિતાના શરીરની સેવા કરવી, પગ ધોવા, ચાંપવા, પિતાને ઉઠાડવા, બેસાડવા, ભોજનમાં, શય્યામાં, વસ્ત્રમાં, શરીરમાં, વિનયમાં ધનાદિક વડે યથાયોગ્ય જોગવાઇ વિનયપૂર્વક કરવી. પરંતુ કોઇ વાતનો આગ્રહ ન કરવો. પિતાની સેવા ચાકરી નોકર પાસે કરાવવી નહિ, પણ પોતેજ કરવી. પિતાની મરજી પ્રમાણે વર્ત્તવું. કદાપિ માતા પિતા કઠણ વચન કહે, તો પણ સત્પુત્રે ક્રોધ ન કરવો, માતા પિતાના સ્વધર્મ સંબંધી મનોરથ પૂરા કરવા એ વગેરે ઉચિત આચરણ પિતા સાથે આચરવાં.

માતાની સાથે પણ એજ પ્રમાણે પિતાની માફક ઉચિત આચરણ આચરવાં. પરંતુ પિતા કરતાં માતાના અધિક મનોરથ પૂરવા. દેવપૂજામાં, ગુરૂસેવામાં, ધર્મશ્રવણમાં આવશ્યકાદિક ધર્મકરણી વગેરે સાત ક્ષેત્રમાં માતાની મરજી પ્રમાણે ધન વાપરવું. તીર્થમાં, યાત્રામાં, અનાથને આશ્રય આપવામાં, દીનનો ઉદ્ધાર કરવા વગેરેમાં માતાના મનોરથો વિશેષે કરીને પૂર્ણ કરવા.

કેમકે માતાપિતાને ધર્મમાં જોડવા જેવો બીજો કોઇ ઉપકાર જગતમાં નથી, બીજા કોઈ પણ પ્રકારે માતાપિતાનાં ઉપકારનો બદલો સંતાન વાળી શકે તેમ નથી. પિતા કરતાં પણ માતાને અધિક પૂજ્ય જાણવી. પશુ પણ જ્યાં સુધી તેને ધાવે છે, ત્યાં સુધી તે પોતાની માતાને મા જાણે છે અને આહાર કરતાં ન શીખ્યો હોય ત્યાં સુધી અધમ માણસ પોતાની માતાને મા સમજે છે, વળી ઘરનું કામકાજ કરે ત્યાં સુધી મધ્યમ માણસ પોતાની માતાને માતારૂપ ગણે છે. અને જે પુરૂષ પોતાની માતાને તે જીવે ત્યાં સુધી નિરંતર તેને તીર્થ સમાન માને છે, તે ઉત્તમ પુરૂષ જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવીજ રીતે માતા પોતાને પુત્ર છે એમ સમજીને જ જે સુખ માને છે, તે પશુ માતા અથવા અધમ માણસની માતા જાણવી. તેમજ પુત્ર કમાતો હોય ત્યાં સુધી તેનાથી સુખ માને તે મધ્યમ માણસની માતા જાણવી, પણ પોતાનો પુત્ર ધીર, વીર, ધર્માચરણી, સદાચારી વગેરે ઉત્તમ ગુણવાળો હોય તોજ સંતોષ પામે છે, તે ઉત્તમ પુરૂષની માતા જાણવી.

## भाई भांडुमां केम वर्त्तवुं ते विषे.

હવે ભાઈ ભાંડુ સાથે વર્ત્તવામાં નાનાભાઈએ મોટાભાઈને પિતા સમાન ગણવો. એટલે હરકોઈ કામમાં પિતાની સમાન મોટાભાઈનું માન રાખવું, તેની સલાહ પ્રમાણે કામ કરવું, કદાપિ ગુસ્સો કરીને મોટોભાઇ કોઈ કામમાં ઠપકો આપે તો પણ તેને સામો ઉત્તર આપવો નહિ, તેનું અપમાન કરવું નહિ, તેમજ મોટાભાઈએ નાના ભાઈભાંડું સાથે સ્નેહભાવથી વર્ત્તવું, ઓરમાઈ ભાઇભાંડું સાથે પણ ઓરમાનપણું એટલે કોઇપણ જાતની જુદાઇ રાખવી નહિ. તથા નાના ભાઈનાં સ્ત્રી, પુત્ર, પરિવાર સાથે સલુકાઈથી વર્તવું. પોતાનો ભાર–તોલ ઘટે એવું અઘટિત આચરણ કરવું નહિ. પરસ્પર પ્રીતિભાવ વધતો જાય એવી રીતે વર્તવું. વેપાર રોજગારમાં પણ નાનાભાઇને પૂછવા યોગ્ય વાત હોય તો પૂછવી. મનમાં અંતર રાખી કોઇ વાત છાની ન રાખવી. તેમજ ભાઈથી ધન પણ ગુપ્ત ન રાખવું. તેમજ કોઈ પણ કામકાજમાં કે વેપારમાં ભાઈને કોઈ માણસ છેતરી ન જાય, તેને માટે મીઠાં વચને હિત–શિક્ષા આપવી. ભાઇને જો કોઈ ખોટી સંગત લાગી હોય અથવા કોઇ જાતની ખરાબ ટેવ પડી હોય તો મધુર વચને શીખામણ આપવી, અથવા તેના મિત્રો પાસે કે સગાં સંબંધીઓની મારફત અપાવવી. ઈત્યાદિ જુકિતએ કરીને સમજાવવો, પણ તિરસ્કાર કરવો નહિ. કેમકે અપમાન કરવાથી વખતે તે નિર્લજ્જ, અમર્યાદ અને બેધડક બનીને ગમે તેમ વર્તશે, અથવા સામો બોલી ઉઠશે. માટે ભાઇઓ સાથે હૃદયમાં સ્નેહ સહિત વર્ત્તવું, તેમ છતાં ભાઈઓ અવિનય ન મૂકે, ત્યારે સમજુ માણસે મનમાં વિચારવું કે, તેની પ્રકૃતિ એવી છે, એમ ધારીને ઉદાસીનપણે વર્તવું. એવીજ રીતે ભોજાઇ સાથે, તેમના પુત્રો સાથે, પુત્રની વહુ સાથે ખાવાપીવામાં, માનસન્માનમાં સમદૃષ્ટિ રાખવી. કોઇ પણ રીતનો મનમાં કે આચરણમાં અંતર રાખવો નહિ, તેમજ ન્યૂનાધિકતા રાખવી નહિ. મિત્રાદિકને પણ ભાઈ સમાન ગણીને ધર્મકાર્યમાં અવશ્ય પ્રેરણા કરવી, પણ ભૂરૂં કામ કરવામાં સહાયકારી થવું નહિ. એ રીતે ભાઇની સાથે વર્તવાનાં આચરણો કહ્યાં છે.

## पोतानी स्त्री साथे केम वर्त्तवुं ते विषे.

પોતાની સ્ત્રીની સાથે હમેશાં સ્નેહથી વચન બોલવાં તેમજ સ્ત્રી પાસે સ્નાન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મર્દનાદિક યથાયોગ્ય પણે કરાવવું. જ્યારે પતિ પત્ની પરસ્પર સાચો વિશ્વાસ રાખે, અને તેથી દંપતિમાં સાચો પ્રેમ પ્રગટ થાય, ત્યારે સ્ત્રી પોતે ધણી ઉપર સાચો સ્નેહ રાખે, અને કદિ પણ બુરૂં આચરણ કરે નહિ, તે સ્ત્રીને નિશ્ચય પ્રેમનું જીવન સમજી દેશ, કાળ, કુટુંબ અને ધનાદિકને અનુકૂળ વસ્ત્રાભૂષણ આપી સંતોષવી. જેથી કરીને ઘરમાં લક્ષ્મીની વૃદ્ધિ થશે.

રાત્રિની વખતે સ્ત્રીને વિના કારણે કયાંય પણ જવા દેવી નહિ. તેમજ દુરાચારી, પાંખડી કે ખળ પુરૂષો, તેમજ ભગત, જોશી, જોગીની સંગત કરવા ન દેવી. સ્ત્રી ઘરના કામમાં નિરંતર મન રાખે; તેમજ ધર્મકરણી, દેવદર્શન, તથા પ્રતિક્રમણાદિક કરવા માટે દહેરે કે ઉપાશ્રયે જાય, ત્યાં પણ માતા, બેન, સાસુ કે બીજી કોઈ સુશીલ ધર્મી સ્ત્રીઓ સાથે જાય અને આવે. ઘરમાં ચોખ્ખાઈ રાખે; તેમજ સુપાત્રે દાન દેવું, સગાં સંબંધીનું સન્માન કરવું, રસોઇ કરવી, ઇત્યાદિ ઘરની શોભામાં, વસ્તુની સાચવણમાં, ગોઠવણમાં, કુટુંબનાં નાનાં મોટાં સર્વે માણસોની યોગ્ય સંભાળ રાખવામાં, ઘરની વસ્તુઓ સાચવવામાં, અને ટુંકામાં ઘરનો સઘળો કારભાર યોગ્ય રીતે ચલાવીને ઘરને શોભાવવામાં સ્ત્રી કારણ રૂપ છે. અથવા ઘરની શોભાનો સઘળો આધાર સ્ત્રી ઉપર છે. માટે સ્ત્રીઓને સારી, વ્યવહારોપયોગી તેમજ ધાર્મિક યોગ્ય કેળવણી આપવી, તથા અપાવવી. સ્ત્રીનો કદિપણ ચાર માણસ દેખતાં તિરસ્કાર કરવો નહિ. મારપીટ તો કોઈ દિવસ પણ ન કરવી. એવે વખતે યુક્તિ પૂર્વક અને પ્રેમ સહિત વિવેક શીખવવો, તેમજ ભરથારે ઘણો કાળ પરદેશમાં રહેવું નહિ. તેમજ સ્ત્રીની પાસે ધનની હાનિ કે વૃદ્ધિ વિષેની વાત, કે ઘરની કોઈ ગુપ્ત વાત પ્રગટ ન કરવી, તેમજ એક સ્ત્રીની જીવતાં બીજી સ્ત્રી કદિપણ ન કરવી. અને કદાચ પુત્રાદિકને માટે બીજી સ્ત્રી કરી હોય તો પણ બન્ને ઉપર સરખો ભાવ રાખવો. એ રીતે સ્ત્રી સાથે સ્નેહથી અને કોમળતાથી વર્ત્તવું. પણ કઠિનતાથી વર્ત્તવું નહિ. ટુંકામાં સ્ત્રીની યોગ્યતા પ્રમાણે તેની સાથે વર્ત્તવું. તેમજ ધર્મકૃત્યોમાં યથાશકિત સહાયકારક થવું; પણ અડચણ કરવી નહિ. એ પ્રમાણે સ્ત્રી સાથે વર્ત્તવાનાં ઉચિત આચરણ કહ્યાં છે.

## पुत्र तथा सगांसंबंधी साथे केम वर्त्तवुं ते विषे.

પિતાએ પોતાના પુત્રને બાલ્યાવસ્થામાં પુષ્ટિકારક ખોરાક આપીને તેનું પોષણ કરવું અને વિવિધ પ્રકારની રમતો રમાડવી કે જેથી કરીને બાળકનાં બુદ્ધિ, બળ અને કાન્તિ વધે, શરીર પુષ્ટ થાય, તેમજ દેવ, ગુરૂ, ધર્મ અને સુજ્ઞ સજ્જનાદિકની સંગત કરાવવી. ઉત્તમ જાતિ, સારા કુળાચારવાળા અને સુશીલ પુરૂષો સાથે મિત્રાચારી કરાવવી, બાળવિવાહ ન કરવો, અને બાળકને વિદ્યાભ્યાસ ચાલતો હોય એવા વખતમાં કન્યા પરણાવીને તેના સઘળી રીતે કાચા કાંધ ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારની ધુસરી ન નાંખવી. વીશ વર્ષની અંદરના પુરૂષનાં લગ્ન ન કરવાં. તેમજ લગ્ન કરવામાં કન્યાનું કુળ, જન્મ અને રૂપ સરખાં હોય, સ્વભાવ સરખો હોય, કન્યાએ યોગ્ય કેળવણી લીધી હોય, એવી કન્યા સાથે પોતાના પુત્રનું પાણી ગૃહણ કરાવવું. અને પુત્ર યોગ્ય ઉંમરનો થાય, ત્યારે ઘરનો સર્વ પ્રકારનો ભાર તેને સોંપવો. તેમજ પુત્ર સાંભળતાં તેની પ્રશંસા કરવી નહિ. વિશેષે કરીને પુત્રને વ્યવહારોપયોગી તેમજ ધાર્મિક કેળવણી આપવામાં સંભાળ પૂર્વક ચિત્ત આપવું. એ રીતે પુત્ર સાથે વર્તવાનાં ઉચિત આચરણો કહ્યાં છે.

## स्वजनो साथे केम वर्त्तवुं?

પિતામાતાના તથા સ્ત્રીના વડીલોના પક્ષના સ્નેહી સંબંધી માણસોને સ્વજન કહે છે. આ સ્વજનોના ઘરનાં મોટાં કામોમાં હંમેશાં આગળ પડતો ભાગ લેવો. સ્વજન કોઈ દુ:ખમાં આવી પડે તો તેને દુ:ખે દુ:ખી થવું, જેમકે સ્વજન ધનહીન થાય તો પોતે શોકાતુર થવું, અને તેને બનતી સહાયતા કરીને તે વિપત્તિમાંથી તેનો ઉદ્ધાર કરવો, તેમજ કોઈ પણ સ્થળે સ્વજનોની નિંદા ન કરવી. સ્વજનોના દુશ્મનો સાથે મિત્રાચારી ન કરવી. સ્વજન સાથે પ્રીતિ કરીએ તો હાસ્ય તથા કલહ વચનોવડે લડાઇ કજીઓ કરવાં નહિં. સ્વજન ઘરમાં ન હોય તો તેના ઘરમાં એકલાં જવું નહિ, દેવગુરૂ અને ધર્મનાં કાર્યોમાં સ્વજનોને હમેશાં સામેલ રાખવા. જે સ્વજનની સ્ત્રીનો પુરૂષ પરદેશ ગયો હોય, તે સ્વજનના ઘરમાં એકલાં ન જવું. તથા બનતાં સુધી સ્વજનો સાથે લેવડ દેવડનો વ્યાપાર કરવો નહિ. કેમકે ધનાદિની આપ-લે કરવાથી કોઈ વખત કંકાસ થવાનો સંભવ છે. વ્યવહારિક કામોમાં સ્વજનની સાથે સલાહ સંપથી વર્ત્તવું. તથા જિન મંદિરાદિનાં કામોમાં વિશેષે કરીને સ્વજનો સાથે મળીને કરવાં. કેમકે આવાં કામો ઘણા સ્વજનો સાથે મળીને કરે તેમાં બળ અને શોભા રહેલાં છે. એ રીતે સ્વજનો સાથે વર્તવાનાં ઉચિત આચરણો બતાવ્યાં છે.

## गुरु साथे केम वर्त्तवुं ते विषे.

ધર્માચાર્ય વગેરે પોતાના ગુરૂજનો સાથે અંતરમાં પ્રીતિભાવ રાખીને વર્ત્તવું. તથા મનમાં તેઓના ઉત્તમ ગુણોનું નિરંતર સ્મરણ કરવું. કોઇ દિવસ પણ તેમના ઉપર મનમાં રોષ આણવો નહિ. અને કદાચ કોઇ અપ્રીતિવાળું કાર્ય થઈ જાય તો તેની પાસે નમ્રતા પૂર્વક ક્ષમા માગીને તેઓ પ્રસન્ન રહે તેમ કરવું. ગુરૂએ આજ્ઞા કરતાં જ હર્ષ સહિત તે આજ્ઞા અમલમાં લાવવી. ગુરૂને જોઇતી ચીજ લાવી આપવામાં સદા તત્પર રહેવું. પોતાના ગુરૂજનોનો પોતાના ઉપર અથાગ ઉપકાર છે, એમ માનીને મનથી વચનથી તથા કાયાથી જેમ બને તેમ શુદ્ધ સેવા કરવામાં કસર રાખવી નહિ.

ગુરૂની હિતશિક્ષા તથા ધર્મોપદેશ વગેરે એકચિત્તે કંઇ પણ શંકા રાખ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગર સાંભળવાં. ગુરૂજનનાં વખાણ જાહેર રીતે જ્યાં જ્યાં અવસર હોય ત્યાં પોતાને મુખે કરવાં. કેમકે તેમ કરવાથી પોતાને તથા બીજા માણસોને પણ પરિણામે બહુ લાભ થાય છે. ગુણી પુરૂષોની સ્તુતિ કરનારાને એવા ગુણની પ્રાપ્તિ થાય છે. વળી લોકમાં પોતે નિંદાખોર નથી, પણ કરેલા ગુણને જાણે છે, એવી કીર્ત્તિ પ્રસરે છે. અને ઉત્તમ ગુરૂની પ્રશંસાથી સત્સંગની ઇચ્છા કરનારા જ્ઞાનાભ્યાસીઓને તેવા ઉત્તમ પુરૂષોના સહવાસમાં રહી જ્ઞાન મેળવવા તત્પર થાય છે.

પોતાના કાર્યથી પોતાના ગુરૂની પણ હલકાઈ દેખાય, એવું આચરણ કદિ પણ આચરવું નહિ. ગુરૂ આદિ વડિલોનાં દૂષણ ખોળવાની કે તેઓનાં છિદ્ર તપાસવાની બુરી ટેવ કદિ પાડવી નહિ. એટલુંજ નહિ પણ બીજો કોઈ પણ માણસ ગુરૂ આદિ ઉત્તમ પુરૂષોની નિંદા કરતો હોય, ખોડ ખાપણ સંબંધી વાતો કરતો હોય, તો તેને યોગ્ય શિક્ષાવચન કહી ફરીથી તેમ ન કરે, તેવી રીતે પોતાની શકિત મુજબ શાંતપણે સમજાવવો.

ટુંકામાં ગુરૂનો વિનય બહુ યત્ન પૂર્વક પ્રફુલ્લિત ચિત્તે કરવો. એટલે તેમને માટે આસન, શયન, વસ્ત્ર, આહારાદિક લાવી આપી તેમને અત્યંત આદર સન્માન કરી સંતોષવા. કેમકે ગુરૂનો વિનય તથા બહુમાન કરવાથી ગૌતમ આદિ પુરૂષોને બહુ લાભ થયો છે, એવું શાસ્ત્રથી પ્રગટ જણાય છે. વળી દ્રોણાચાર્ય ગુરૂને ઓળખ્યા વગર માત્ર તેમના ગુણના બહુમાનથી તેમની મૂર્ત્તિ સ્થાપીને સાક્ષાત્ દ્રોણાચાર્ય ગુરૂ હાજર હોય તેવી રીતે તેની નિરંતર સેવાભકિત કરતાં જંગલના એક સાધારણ ભીલનો છોકરો બાણકળામાં અતિ નિપુણ થઇ બાણાવળી કરણની સાથે હરિફાઇ કરવાને શકિતવાન થયો હતો. ગુરૂના વિનયનું એવું ઉત્તમ ફળ છે. એ પ્રમાણે ગુરૂ સાથે વર્ત્તવાનાં ઉચિત આચરણો કહ્યાં છે.

## बीजा धर्मवाळा साथे केम वर्त्तवुं ते विषे.

બીજા મતવાળો માણસ ભીક્ષાને માટે ઘરમાં આવે તો તેને યથાઘટિત આદર સત્કાર કરવો, પણ કોઇ રીતે ધર્મની નિંદા થાય તેમ ન કરવું. તેવીજ રીતે રાજાનું માન સાચવવા માટે વિશેષ સંભાળ રાખવી. તેમજ પોતાની શકિત પ્રમાણે દાન આપવું. મનમાં સાધુઓની ભકિત ન હોય તો પણ ઘેર માગવાને આવે તો દેવું. કેમકે દાન દેવું તે ગૃહસ્થનો ધર્મ છે. કદાચ કોઇ મહાન પુરૂષ ઘેર આવે તો તેને સામા ઉભા થઇને આસન તથા દાન દેવું. કોઈને પણ દુઃખી દેખીને તેના પર દયા આણીને તેને સહાયતા કરવી. દુઃખી જીવોની દયા કરવી એટલે દુઃખી, અનાથ, આંધળા, બેહેરા, રોગી વગેરે લોકોની દીનતાનું યથાશક્તિ નિવારણ કરવું. જિનશાસનની નીતિ અને તેનો વિવેક બરાબર સમજવો ને આદરવો. કેમકે તેથી શાસનની શોભા વધે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અવસરે કેમ વર્ત્તવું**—હવે અવસરે ઉચિત બોલવું તે બહુ ગુણકારી છે. જીભ, છીંક, ઓડકાર, તથા હસવું વગેરે ગુપ્ત રીતે અથવા છાની રીતે કરવાં. સભાની વચમાં બેસીને આંગળીઓના નખમાંથી મેલ ન કાઢવો. નિંદ્રા કે વિકથા ન કરવી. હોઠ ફરકાવીને માત્ર હસવું, પરંતુ મુખ ખોલીને હસવું નહિ. પોતાનું શરીર વગાડવું નહિ. તણખલું તોડવું નહિ. નખોથી દાંત ઘસવા નહિ. દાંતોથી નખ કાપવા નહિ. અભિમાન કરવું નહિ. ભાટ વગેરેના મુખની પ્રશંસા સાંભળીને ફૂલાઈ જવું નહિ. જો નીચ માણસ આપણને હલકું વચન કહે તો પણ તેને સામું હલકું વચન કહેવું નહિ. જે વાતનો નિશ્ચય ન હોય, તે વાત પ્રગટ કરવી નહિ. કોઈનું બુરૂં બોલવું નહિ. તથા માતા, પિતા, ભાઈ, તપસ્વી, વૃદ્ધ, બાળ, ગોત્રી, ગરીબ, રોગી, આચાર્ય, પ્રાહુણા, અભ્યાગત, બેન, બનેવી, મિત્ર, સ્ત્રી, વૈદ, પુત્ર, વગેરે સર્વેની સાથે વચન વગેરેથી કલેશ કરવો નહિ.

ઘણા સાથે વેર કરવું નહિ. જે કામમાં રસ ન હોય તે કામ કરવું નહિ. કદાપિ કરવું પડે તો ઘણાએ સાથે મળીને કરવું. તથા ધર્મ, પુન્ય, દયા, દાન વગેરે શુભ કામોમાં બુદ્ધિમાને સર્વમાં આગળ વધવું–અગ્રેસર બનવું. સુપાત્ર સાધુને દાન આપી ગર્વ કે ઇર્ષ્યા કરવાં નહિ. દરિદ્રી, પીડિત, સાધર્મિક, તથા નાતમાં બુદ્ધિવાળા હોય, ગુણમાં મોટા હોય, સંતાન વગરના હોય તે સર્વેનું પાલન કરવું.

આપણા કુળમાં જે કામ કરવા જેવું ન હોય તે કદિ કરવું નહિ. ભોજન વગેરે પોતાની શક્તિ ઉપરાંત કરવાની હિંમત કરવી નહિ. વિવેકી માણસે તેલમાં, પાણીમાં, શસ્ત્રમાં, મુત્રમાં, રૂધિરમાં પોતાનું મુખ ન જોવું. કેમકે તેથી આયુષ્યની હાનિ થાય છે. તેમજ પોતાનું બોલેલું વચન પાળવું.

## भोजन तथा दान करवानी रीत.

સુપાત્રદાન મહા ફળદાયક છે. માટે ભોજન વખતે સાધુઓને વહોરાવા માટે ભક્તિ સહિત નિમંત્રણ કરવું. આપણે હાથે પાત્ર લઇને સ્ત્રી વગેરેની પાસે દાન દેવરાવવું, પછી વંદન કરવું. આપણા ઘરના દરવાજા સુધી વળાવવા સાથે જવું. જેને ઘેર સાધુ ન હોય તે મેઘની પેઠે સાધુને આવતા જુએ, તો મનમાં એમ સમજે કે મારો જન્મ સફળ થયો. સંતપુરૂષને પોતે ભોજનાદિક દાન દઇ ભક્તિ કરી ન હોય ત્યાંસુધી ઉત્તમ પુરૂષ ભોજન કરતા નથી. રસ્તામાં થાકેલાને, રોગીને, શાસ્ત્ર ભણનાર બાળકને અને લોચ કરેલાને પારણાને દિવસે દાન દેવાય તો બહુ ફળ થાય, અભયદાન તથા સુપાત્રદાન મોક્ષનું ફળ આપે છે. તેમજ વળી અનુકંપાદાન સદ્ગતિ આપે છે, તથા ઉચિતદાન અને કીર્ત્તિદાન એ સંસારનાં સુખ ભોગ આપે છે. વળી વિશેષે કરીને ભોજનને અવસરે યથાશક્તિ સ્વામીભાઇને પોતાની સાથે ભોજન કરાવવું, કેમકે તે પણ પાત્ર છે. તેમાં પણ જ્ઞાનાભ્યાસ કરનારા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાવનારા સુજ્ઞ સાધર્મિભાઈઓને ભોજન કરાવવું તેથી પણ ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે.

"**ભોજન કરાવવાની રીત**"—પ્રભાતમાં, સંધ્યા વખતે અને રાત્રિએ ભોજન ન કરવું. તેમજ સડી ગયેલું, વાશી અન્ન કે ચલિત રસવાળી ચીજો ન ખાવી. તેમજ જમણા પગપર હાથ રાખીને, કે હાથ ઉપર રાખીને, કે ખુલ્લા આકાશમાં કે તડકામાં બેસીને, કે અંધારામાં કે વૃક્ષને તળે બેસીને કે ટચલી આંગળી ઉંચી રાખીને કદાપિ ન ખાવું. નગ્ન શરીરે કે હાથ, પગ, મુખ વગેરે ધોયા વગર મેલે વસ્ત્રે, કે ડાબે હાથે ખાવું નહિ. ભીને વસ્ત્રે કે મસ્તક લપેટીને કેઅપવિત્રપણામાં કે વ્યગ્ર ચિત્તે કે તદ્દન જમીન ઉપર બેસીને કે ખાટલા વગેરે ઉપર બેસીને કે ઇશાનાદિક ખુણા તરફ મૂખ રાખીને કે ચંડાલ વગેરેના દેખતાં, ફુટેલા પાત્રમાં કે મેલાં પાત્રમાં ખાવું નહિ. તેમજ રજસ્વલા સ્ત્રીએ અડેલી વસ્તુ તેમજ ગાયે કે શ્વાને સુંઘેલી વસ્તુ તથા અજાણી વસ્તુ અને અભક્ષ્ય વસ્તુ કદાપિ ખાવી નહિ. તેમજ ખાતાં ખાતાં બચબચાટ શબ્દ કરવો નહિ. પણ દેવનું અને ગુરૂનું સ્મરણ કરીને તથા સમઆસન ઉપર બેસીને, ઘરનાં સર્વ સ્વજનોને નોતરીને તથા ઘરનાં ઢોર, ઢાંખર, પશુ, પંખી વગેરે સર્વની ભોજનાદિકની ખબર અંતર પૂછીને અને પોતાના નિયમને સંભારીને શરીરને માફક આવે એવું નિયમસર પથ્યભોજન કરવું. ભોજન કરતાં કદિપણ કલેશ કરવો જ નહિ. એ વગેરે ભોજનવિધિ વિવેકથી સાચવવી.

# ધાર્મીક કેળવણીની આવશ્યકતા.

( લેખક—નરોતમ. બી. શાહ. )

વ્યવહારિક કેળવણીના પ્રચારાર્થે કાંઈ જે પ્રયાસ કરવામાં આવે છે તે સંબંધમાં કોઇ પણ ઠેકાણેથી એમ માનવામાં આવતું હોય કે ધાર્મિક શિક્ષણમાં ઉપેક્ષા બતાવી વ્યવહારિક કેળવણી તરફ જ ધ્યાન ખેંચવામાં આવે છે તો તે સંબંધી કેળવણીના પ્રચારાર્થે લખવામાં આવતા લેખોને અંગે કાંઇ પણ ગેરસમજુતી જાહેર વાંચનારાઓને ઉત્પન્ન ન થાય તેટલા સારૂ ખુલાસો કરવાની જરૂર પડે છે કે, મારા તરફથી આજ માસિકના આગલા અંકમાં ધાર્મિક શિક્ષણની ન્યૂનતાને લીધે કેટલું સોસવું પડે છે તે દર્શાવ્યું છે તે વાંચવાથી ખાતરી થશે. ધાર્મિક શિક્ષણની આવશ્યકતામાં ભાગ્યેજ બે મત હોઇ શકે. પણ અફસોસકારક બીના તો એ પડી છે કે જાહેર હિતના અને કેળવણીના કાર્યમાં ભાગ લેનારાઓ કોઈ કોઇ પણ બંધારણપૂર્વક સંસ્થા મારફતે કોઈ પણ કાર્ય કરવાની પદ્ધતિ સ્વીકાર્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિવાય ઓછી મહેનતે એક ખાતું નિભાવવાનું હોય તેમ નીભાવી લેવાથીજ જૈનોનો ભાવી ઉદય થશે અને તેટલેજથી પોતાના કાર્યની સિદ્ધિનો અંતિમ હેતુ માનતા હોવાથી આપણે ધાર્મિક શિક્ષણની બાબતમાં કેટલા બધાં પછાત છીએ તેમજ આગળ વધીએ છીએ તેનું અનુમાન કાઢવાને અશકત છીએ છતાં હરીફાઇની બીજી કોમો ક્રીશ્ચીયન, પારસી અને મુસલમાન જેવી બીજી કોમોમાં ધાર્મિક શિક્ષણ ફરજીઆત તરીકે ગણી પોતાના બાળકોમાં બચપણથી ધાર્મિક સંસ્કાર પડે તેવી જાતની ધાર્મિક કેળવણીમાં પ્રવીણ કર્યા પછીજ બીજી વ્યવહારિક કેળવણીની આકાંક્ષા રાખે છે. આખી જૈનકોમની વસ્તી ધ્યાનમાં લેતા ભાગ્યેજ આંગળીના વેઢા ઉપર ગણી શકાય એવી ગણતરીની શાળાઓના વિદ્યાર્થીઓની ઇનામી હરિફાઇની પરીક્ષા વર્ષમાં એકાદ વખત લેવરાવી પાંચ પચીસ વિદ્યાર્થીઓને રાજી રાખી પરીક્ષકો તેમજ ધાર્મિક શિક્ષણને ઉત્તેજન આપનારાઓએ પોતાની ફરજ બજાવી તેવું જાહેરમાં પ્રગટ કર્યાથી સંતોષ માની બેસી રહેવાથી ધાર્મિક શિક્ષણ લેનારાઓમાં વૃદ્ધિ થશે તેમ માનવું તે વ્યાજબી નથી. પરંતુ વસ્તીપત્રક મુજબ દરેક શહેરની તેમજ ગામડાની વસ્તીના પ્રમાણમાં જે જે ગામોમાં જૈન વસ્તી હોય તે દરેક ગામોમાં જૈન પાઠશાળા ખોલવાને કોશેશો કરવી જોઇએ, તેને માટે સ્થાનિક એક હજારથી બે હજાર રૂપીયા સુધીની રકમ એકઠી કરે, નાના નાના પાયા ઉપર હંમેશની ધાર્મિક આવશ્યક ક્રિયા આવડે તેટલું જ્ઞાન મેળવી શકાય તેવા ધોરણ ઉપર શિક્ષણક્રમ ગોઠવવો જોઇએ. આવી રીતે દરેક પ્રાંતવાર વ્યવસ્થા પૂર્વક કાર્ય થઇ શકે તેવી જાતની પેટા કમીટીઓ નીમવી જોઇએ અને તે માટે આત્મભોગ આપનારાઓએ પણ બહાર આવવું જોઇએ અને ભાગ્યેજ એક પણ ગામ અથવા શહેર એવું રહેવું જોઇએ કે જે ઠેકાણે જૈન પાઠશાળાની ખામી રહે; ખરી વાત તો એ છે કે જૈનસાધુઓ, જેઓ વર્ષના આઠ મહીના, હીંદુસ્તાનના ચારે ખુણામાં વિહાર કરી દેશ પરદેશ ફરી જૈનોની અંદર ધાર્મિક ઉપદેશ આપવામાં પોતાના વખતનો ભોગ આપે છે, અને આવા સાધુઓ કંચન અને કામિનીના ત્યાગી હોવાથી તેમજ જૈનોની સુધારણા માટેજ ફકત દિવસના ચોવીસે કલાક માટે તેણે દિક્ષા ગ્રહણ કરી છે તેઓ લાખો જૈનોના સંબંધમાં આવતા હોવાથી આ બાબત ઘણું કરી શકે તેમ છે અને ખરી રીતે દરેક શ્રાવકને સમજાવી ગામે ગામ જૈન પાઠશાળા ખોલવા જેટલું કાર્ય તેઓ કરી શકશે તેટલું ભાગ્યેજ શ્રાવકોથી થઇ શકશે. માટે ધાર્મિક શિક્ષણની ગેરહાજરીને લીધે કોઇ કોઇ વખતે ધાર્મિક બાબતમાં નવા નવા જે તર્કો ઉત્પન્ન થવાથી જે ખળભળાટ નાનામાં નાની બાબત માટે અવારનવાર જોવામાં આવે છે તેટલા સારૂ જાહેર હિતમાં ભાગ લેનારે તેમજ પૂજ્ય મુનિ મહારાજોએ આ બાબત ફંડ એકઠું કરી વ્યવસ્થાપૂર્વક બંધારણ ઘડી ધાર્મિક શિક્ષણનો ફેલાવો થાય તેવા ઉપાયો યોજવા સારૂ મહેનત કરવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોની અક્ષય કીર્તિ.

આ જગતના પ્રાચીન ઈતિહાસમાં પ્રથમ પદ ભારતવર્ષની પ્રજાનું છે. સૃષ્ટિની પ્રવૃત્તિની ઉત્પત્તિ પછી મનુષ્ય જાતના ઈતિહાસની પ્રથમ ખબર આપવાનું માન ભારતવર્ષને છે એમ સિદ્ધ થઇ ચુકયું છે. અને બહુ પુરાતન કાળમાં માનવ જાતિમાં શ્રેષ્ઠપણું ભોગવવાની કીર્તિનો દાવો ફકત આર્ય પ્રજાજ કરી શકે છે. તે આર્ય પ્રજામાં જૈન પ્રજા પોતાના ધર્મની સાથે પ્રાચીન પદની અધિકારિણી થઇ ચુકી છે. ઈતિહાસકારોએ પોતાની શોધક બુદ્ધિના બલથી એટલો નિશ્ચય કરેલો છે કે, ઈસ્વીસન પૂર્વે ત્રણ હજાર વર્ષ સુધીની જગતના ઈતિહાસ સંબંધી કાંઇક હકીકત મળી શકે છે અને ઇ. સ. પૂર્વે ચૌદસો વર્ષ ઉપર આર્યોના બહુ પુરાણા પવિત્ર પુસ્તકોની રચના થવાનો આધાર મળે છે. પ્રાચીન આર્યો પોતાની પવિત્ર વિદ્યાને આકૃતિ-દ્રવ્ય રૂપે રાખતા નહીં પણ અનાકૃતિ-ભાવ રૂપે રાખતા હતા. લેખનકળાનો પ્રચાર પણ અતિ પ્રાચીન કાળનો નથી.

આ પ્રમાણે અતિ પ્રાચીન કાળથી પ્રખ્યાત થતી આવેલી આર્ય પ્રજામાં જૈન પ્રજાની ગણના મુખ્ય તરીકે થઈ છે. અનેક શોધકોને નિશ્ચય કરવો પડયો છે કે, આર્ય ધર્મની ભાવનાઓમાં જૈન ધર્મની ભાવના પુરાણી અને તત્વોથી ભરપૂર છે. કેટલાએક આધુનિક વિદ્વાનોએ શબ્દ વિદ્યાવડે મહા મથન કરી કેટલી એક ખાત્રી લાયક હકીકત મેળવી છે. તેઓને કહેવું પડે છે કે, "પૂર્વથીજ જૈન પ્રજા જગત્‌ની કોઇ પણ પ્રજાના કરતાં જ્ઞાનબલમાં વધારે ચઢીઆતી અને ઉચ્ચ સ્થિતિમાં હતી. આર્યપ્રજાની પૂર્વ સ્થિતિનો ચિતાર કેટલાએક વેદધર્મના પુસ્તકોમાં આપે છે, તે ઉપરથી સિદ્ધ થાય છે કે, આર્ય પ્રજા વચલા કાળમાં હિંસક ધર્મની અનુયાયી થઇ હતી, તેમના હૃદયમાં જે દયા ધર્મના બીજ વવાયા છે અને ઉત્તમ વર્ત્તનોની શિક્ષા મળી છે, તેનું માન જૈન પ્રજાને છે. જૈન પ્રજાના ધર્મ ગુરૂઓએ જે ચારિત્ર બતાવ્યું છે, તેવું ચારિત્ર બીજાઓ બતાવી શકયા નથી. જૈનોની ધર્મ ભાવના એટલી બધી ઉંચી છે કે, તે ઉપરથી અન્યધર્મી આર્ય પ્રજાને પણ ઘણું શિક્ષણ મળી ચુકયું છે. એટલુંજ નહીં પણ એ મહાશયોના વર્ત્તનની છાપ જગતના ઘણાં ભાગોમાં પડેલી દેખાય છે. જેમ આર્યાવર્ત્ત જગતનો ધર્મગુરૂ છે, એમ જૈનો આર્યાવર્ત્તના એક ધર્મગુરૂ છે. હવે યુરોપખંડના વાસીઓએ પણ કબુલ કરવા માંડયું છે કે, જૈન દર્શનની ભાષા અને તેના તત્વોની અંદર સારૂં રહસ્ય રહેલું છે. શારદાપીઠમાં જૈનોની ભાષાને સ્થાન મળ્યું છે, **स्याद्वाद मंजरी** જેવાં ગ્રંથોનો અભ્યાસ થવા માંડયો છે. પ્રાચીન કાળમાં જૈનો જ્ઞાનબળમાં કેટલા વધેલા હતા, અને તેમણે કેવા મહાકીર્ત્તિ મેળવી છે તે જાણવા માટે આધુનિક વિદ્વાનો ઇંતેજાર થયેલા છે. જૈનોની બાર ભાવનાઓને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વવેત્તા પંડિતો મોહિત થઇ ગયેલા છે. જૈનોની મૈત્રી ભાવના અથવા સમભાવના એવી છે કે દુનીયાના મનુષ્યોને જો શ્રેયસ્કારી માર્ગ ગ્રહણ કરવો હોય તો તેઓએ જૈનોની સમભાવના અવશ્ય મનન કરવી જોઈએ જૈનોના મહાત્માઓ જણાવે છે કે "સર્વ ઉપર સમચિત્તવાળા થવું. રાગ દ્વેષથી મુકત થયા વિના સમાન ભાવની દશા પ્રાપ્ત થઇ શકતી નથી. કુદરતે નિર્માણ કરેલા પદાર્થો તરફ લક્ષ આપવાથી સ્પષ્ટ સમજાય છે કે, સૂર્ય ચંદ્ર, અનાચારી અને સદાચારી, મૂર્ખ અને વિદ્વાન, બાલક અને વૃદ્ધ–મનુષ્યોને માટે તથા સર્વ પશુપક્ષી આદિ પ્રાણી માત્રને માટે સરખી રીતે પ્રકાશે છે. કુદરતી સૃષ્ટિના નિયમને આધીન થયેલા કાલની અંદર અનુભવવામાં આવતી ઋતુઓ પણ સર્વ પ્રકારના મનુષ્યો અને સર્વ પ્રકારના પ્રાણીઓને સરખી રીતે લાગુ પડે છે, સારાંશ એજ કે જ્યારે કુદરતની રચનામાં પ્રત્યેક બાબતને વિષે સમાન ભાવ જોવામાં આવે છે, ત્યારે મનુષ્યોએ તે સમાન ભાવ છોડી જીવનને પતિત બનાવવું નહીં જોઈએ. પ્રત્યેક મનુષ્યમાં જન્મ અને મૃત્યુમાં સમાન ભાવનો અનુભવ કરી શકાય છે. જ્યાં કર્મની પરાધીનતા છે, જ્યાં કર્મની સામે પોતાની ગતિ પહોંચતી નથી, ત્યાં મનુષ્યો પોતાનામાં જ સમાનતા જુવે છે, પરંતુ પોતાના જીવનમાં એટલે પોતાના સ્વાધીનતાવાળા વ્યવહારમાં સમાન પણું રાખી શકતા નથી, આથીજ પોતાના અમૂલ્ય જીવનને નિરર્થક બનાવી મનુષ્યો નાટકીનીયાતના ભોગવતાં થાય છે. વાસ્તવિક રીતે જોતાં આ સંસારમાં કોઈ મિત્ર નથી અને કોઇ શત્રુ નથી. સર્વનો ઉત્પત્તિ પ્રદેશ અને સર્વનો લય–પ્રદેશ એકજ–સમાન જ છે."

જૈન મહાત્માઓનો આ ઉપદેશ અદ્વિતીય છે. તેમના ઉપદેશમાં કર્મની શકિતને માટે જે ભાવ દર્શાવવામાં આવ્યો છે, તેવો ભાવ કોઈ ઇતર દર્શનમાં જોવામાં આવતો નથી. પૂર્વકાળના કર્મબલથી ક્ષીણ થતાં જવાનો અને પ્રસ્તુત કાળના કર્મબળથી પુષ્ટ થવાનો શરીર અને મનનો સ્વાભાવિક ધર્મ તે મહાત્માઓએ સ્પષ્ટ કરી બતાવ્યો છે. તેમ છતાં તે વિશ્વોપકારી પુરૂષો જીવોને બોધ આપતાં કહે છે કે, પૂર્વકાળના કર્મને અનુકૂલ એવા વેગને પામીને બુદ્ધિ પ્રસ્તુત કાળમાં ક્રિયા કરતી રહે તો પૂર્વકાળના તે કર્મના બીજનો સમૂળ નાશ થવો સંભવતો નથી, કારણ કે, તે તે કર્મોનો જ વિકાર રહિત શુભ ક્રિયાવડે ભોગ અપાતો રહે તોજ તે કર્મ નિર્મૂલ થઇ શકે છે, એટલા માટે પરમાર્થ સિદ્ધિ તરફ જેમનું લક્ષ લાગેલું હોય છે, તેવા પુરૂષોએ એ માર્ગ સાથે વિરૂદ્ધતા ધરાવનારા કર્મોના પ્રવાહમાં થતી બુદ્ધિની ક્રિયાને જ્ઞાન અને વિવેક વડે બંધ પાડવાનો યત્ન કરવો જોઇએ." જૈનોના મહાત્માઓનો આ બોધ બીજે સ્થળે મળવો મુશ્કેલ છે.

આ સંસારી જીવો આ સંસારની અંદર પ્રવાસ કરવા આવે છે, તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે પોતાનો પ્રવાસ પૂરો થાય છે, ત્યારે આ જગતના વ્યવહારમાંથી ચાલ્યા જાય છે, પણ તેઓ પોતાના કર્મને વશ થઇ પાછા એજ વ્યવહારમાં પડે છે. જૈનોના મહાત્માઓ તે વિષે ઘણું સારૂં ધ્યાન આપે છે કે જેવો બોધ બીજે કોઇ સ્થળે પણ મળવો અશક્ય છે. તેમણે છંદો બંધમાં ગોઠવેલા શબ્દો દરેક પદે આસાદિક રમક ઝમક અને ગંભીર આશય ફેલાવો કરી વિદ્વાનોને મોહિત કરવાનો જે પ્રયત્ન કર્યો છે, તે અદ્દભુત છે. પ્રભુના સ્તવનોમાં જે મનોમૂર્ત્તિભાવ પ્રદર્શિત કર્યો છે તે આનંદ ઉત્પન્ન કરી હૃદય સ્થાનમાં જાય છે કે નહીં, એ વિષયનો તેઓ પહેલા વિચાર કરે છે. જૈન પ્રાચીન અને અર્વાચીન લેખકોના ઘણાં ગ્રંથો હજુ અપ્રકાશિત છે, અને જે પ્રકાશિત થયેલા છે તે ઇતર રસજ્ઞોના વાંચવામાં આવતા નથી, પણ જો તે ધાર્મિક લેખો વાંચવામાં આવે તો ખાત્રી થાય કે, જૈનોની લેખક તરીકેની અક્ષય કીર્ત્તિ ભારતવર્ષ ઉપર હજુ પ્રકાશતી રહી છે.

જ્યારે નામદાર ગાયકવાડ સરકારના હુકમથી પાટણના ભંડારોની ગ્રંથ સમૃદ્ધિ તપાસવામાં આવી, તે વખતે તે કાર્યમાં નિયુક્ત થયેલા સાક્ષરોએ આનંદ સાથે જણાવ્યું છે કે, " આ જ્ઞાનના મહાનિધિમાં એવા એવા ગ્રંથરત્નો છે કે, જે ભારતીય સર્વ પ્રજાને મહોપકારી થઈ પડે." આ પ્રસંગે કેટલાક સુબોધક અને રસિક ગ્રંથનું અવલોકન કરી એક સાક્ષરમણિએ એવો અભિપ્રાય આપ્યો હતો. કે " જૈનોની ગ્રંથ સમૃદ્ધિ અતિશય પ્રશંસનીય છે. તેની અંદર દર્શાવેલા તાત્વિક વિચારો હૃદયને હલાવે છે અને આત્મિક ભાવને જાગૃત કરે છે. સાહિત્યને શોભાવનારા કેટલાએક કાવ્ય ગ્રંથોનું અવલોકન કરતાં જણાય છે, કે જે વાંચવાથી અંતરનો કોઇ છુપો રસ ઉછળે છે. સૌંદર્યની કાંઇ નવીન મૂર્ત્તિ મનરૂપી ચક્ષુની સામે ખડી થાય છે, હૃદયનો તંત્ર નવા તાનથી વળગે છે અને વિચારના સૌંદર્યથી આત્મા મોહિત થાય છે. આ જૈનોની અક્ષય કીર્તિ કેવી ઉત્તમ છે ?

જૈનોએ પોતાના અંતરની જે ઉર્મિઓ નવા નવા રસમાં પ્રગટ કરી છે અને ઉત્તમ વિષયોની યોજના પ્રરૂપેલી છે, તે બીજે કયે સ્થલે મળે તેમ છે? જૈનોના લેખકોએ કોઈપણ તત્ત્વને અંતરમાં પ્રવેશ કરાવવું, એ બુદ્ધિસાધ્ય ગણેલું છે અને તે અસંભવિત નથી. તે મહાત્માઓ માને છે કે, જ્ઞાનનું અલૌકિક ધન ભોગવવામાં આવે તો એનાં કરતાં બીજું શું સૌભાગ્ય હોય ? ભાગ્યની પરિસીમા એમાં જ રહેલી છે. એક ઠેકાણે એક ઇંગ્રેજ કવિએ કહ્યું છે કે " કુદરત પોતાના પ્રિય મહેલનો દરવાજો ઉઘાડશે, પરંતુ કવિત્વનો આવી રીતનો આવેશ ખરી રીતે માણસની ઇચ્છાને આધીન છે કે નહી અને તે સઘળાના ભાગ્યમાં બને છે કે નહિ એ ઘણો વિચાર કરવા જેવો વિષય છે. ઇચ્છા કર્યાથી કંઇ લખી નાખવું એ પોતાની શક્તિ છે, ઇચ્છા કર્યાથી કાંઇક બોલીને માણસના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્તરંજન કરવાં એ આપણામાંથી બને છે. પરંતુ ઇચ્છા કરીને શું કોઈ તાત્વિક લેખ કે કવિતાની ઉર્મિ બહાર પાડી શકયો છે ? અને ઇચ્છા કરીને કોઈ પોતાના હૃદયને પોતે વિઘાતિત કરવાને સમર્થ થયો છે ? તે ઉપરથી સિદ્ધ થાય છે કે, ઈચ્છા બુદ્ધિને ચલાવી શકે છે, મનને ઘણીય રીતે ઉત્તેજિત કરી શકે છે, પરંતુ શક્તિ અને પ્રકૃતિનો જે મૂલ ઝરો તે ઈચ્છાનું અગમ્ય સ્થાન છે. ”

આ લેખકનો આશય જૈન મહાશયોના લેખોમાં દેખાય છે. તેમના લખેલા કેટલાએક લેખોમાં હર્ષ, દુઃખ, ક્રોધ અને પ્રીતિ વગેરે ભાવોની ભાષા હંમેશાં ગાઢતાના પ્રમાણને અનુસારે જુદી જુદી પ્રીતિ ધારણ કરે છે. જે હર્ષ, જે દુઃખ, જે ક્રોધ અથવા જે પ્રીતિ ઘણી તરલ હોય છે, તે સહેલાઈથી બહાર નીકળે છે, જેવો તરલ ભાવ હોય છે, તેવી તરલ ભાષા બને છે. એ ભાષાની પ્રકૃતિ જૈન વિદ્વાનો જ સારી રીતે સમજી શકયા છે. જૈનોની અક્ષયકીર્તિનો એક મહા પ્રકાશ ઉપદેશમાં પડેલો છે. દેશના અથવા ઉપદેશ એ વિષય ઉપર જૈન મહાત્મા-ઓએ જે કથ્યું છે, તે અનિર્વચનીય છે. દેશના સમયની આર્હત વાણી અદ્ભુત અને ચમત્કાર ભરેલી હોય છે. જે હર્ષ શરીરની રોમાવળીમાં અમૃતની પેઠે વહ્યા કરે છે, જે દુઃખ ધગધગતા લોઢાના શળીઆની પેઠે હૃદયના મર્મસ્થાનમાં લાગેલું છે, જે ક્રોધ ચિત્તમાં તુષાનળવત્ હંમેશા બળતો રહે છે, અને જે પ્રેમ એકી વેળાયે રાત્રિના સ્વપ્નાની પેઠે નિરર્થક જણાય છે, તે હર્ષ, દુઃખ, ક્રોધ અને પ્રેમ આત્માને આનંદ અને નિરાનંદના અધિકારથી ઘણે ઉંચે લઈ જાય છે તેમને તાબે કરવાને સમર્થ જૈન મહાત્માઓની દેશના વાણી થઈ શકી છે. કોઇ કોઇ પ્રસંગે તે મહાત્માઓએ આપેલા ઉપનયો એવા સજ્જડ રીતે હૃદય સ્પર્શી હોય છે, કે જેના સુબોધક શ્રવણથી ભવ્ય પ્રાણીઓ પોતાના જીવનની સ્થિતિનો વિચાર કરવાને સમર્થ થઈ શકે છે. એ જૈનોની કેવી અક્ષય કીર્તિ છે ?

ભારતવર્ષ ઉપર પ્રસરેલી એ જૈનોની અક્ષયકીર્તિ સદા અક્ષય રાખવી અને તેનો વિશેષ અભ્યુદય થાય, તેવી પ્રવૃત્તિ કરવી, એ સર્વ જૈનોની પવિત્ર ફરજ છે. એક વિદ્વાને તેને માટે નીચેનું સુભાષિત ઉચ્ચાર્યું છે તે પ્રત્યેક જૈને પોતાના હૃદયમાં સ્થાપિત કરવું જોઈએ.

दया धर्म प्रकाशेन, मिथ्यात्वांध्यं विदारयन्;
प्रकाशते भारताभ्रे, जैनधर्म दिनेश्वरः ” ॥ १ ॥

“ દયા ધર્મરૂપી પ્રકાશવડે મિથ્યાત્વરૂપ અંધકારને નાશ કરતો જૈનધર્મ રૂપી સૂર્ય આ ભારતરૂપી આકાશને વિષે પ્રકાશે છે. ”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## મુંબઇ ખાતે ભરાયેલ જૈન કનવેન્શનની સફલતા.

### લાગણી અને પૂર્ણ ઉત્સાહ સાથે જૈન કોન્ફરન્સનો થયેલો પુનરૂદ્ધાર.

જૈન કોન્ફરન્સની અસ્તિ ઇચ્છનારા અને તે નિમિત્તે કાર્ય કરી બતાવવાની જિજ્ઞાસા દર્શાવનારા મુંબઇના કેટલાક જૈન બંધુઓ કે જેઓ સ્થાનિક સ્ટેન્ડીંગ કમીટીમાંના મુખ્ય સભ્યો છે. તેઓના પ્રયત્નથી નિદ્રાધીન થયેલ જૈન કોન્ફરન્સને જાગૃતિમાં લાવવાને હિંદના જુદા જુદા શહેર અને ગામોમાંથી મુખ્ય મુખ્ય જૈન બંધુઓનો જૈન કોન્ફરન્સનો ફરી ઉદ્ધાર કરવા અને તેની જરૂરીયાત છે કે નહીં ? તે જાણવા આ કન્વેન્શન મુંબઇમાં તા. ૧૧-૧૨-૧૩ એપ્રીલના રોજ ભરવામાં આવ્યું હતું. કન્વેન્શનનું અધ્યક્ષસ્થાન શેઠ કસ્તુરભાઇ લાલભાઇ દલપતભાઇ અમદાવાદનિવાસી કે જેઓ હિંદના હાકેમની વડી ધારાસભામાં સભાસદ છે તેમને આપવામાં આવ્યું હતું. યોગ્ય પ્રમુખની ચુંટણી થયેલી હતી. તે કન્વેન્શનના ત્રણ દિવસમાં તેઓએ બજાવેલ કાર્ય, ધૈર્યતા અને શાંતિથી જણાઇ આવતું હતું. મુંબઇના આગેવાનો સિવાય બહારગામથી પ્રમુખ સિવાય અમદાવાદના નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇ, શેઠ કસ્તુરભાઇ લાલભાઇ, શેઠ સારાભાઇ ડાહ્યાભાઇ, વકીલ હરીલાલભાઇ, જેસંગભાઇ મયાભાઇ, વાડીલાલ સારાભાઇ, મોહનલાલ લલ્લુભાઇ, શકરાભાઇ લલ્લુભાઇ. સુરતથી ગુલાબચંદ દેવચંદ ઝવેરી, ચુનીલાલ છગનલાલ શ્રોફ અમરચંદ તલકચંદ, સોભાગચંદ .ભાવનગરથી શેઠ કુંવરજી આણંદજી, ગાંધી વલ્લભદાસ ત્રીભોવનદાસ, શેઠ દેવચંદ દામજી કુંડલાકર, બંગાળ તરફથી રાયકુમારસિંગજી બદ્રીદાસજી મુકીમ, મારવાડ તરફથી ગુલાબચંદજી ઢઢ્ઢા, કલકત્તાથી શેઠ નરોતમદાસ જેઠાભાઇ અને જુદા જુદા પ્રાંત તથા વિભાગોના આગેવાનો શેઠ દેવકરણ મુળજી, શેઠ નરોત્તમદાસ ભાણજી, શેઠ છોટાલાલ પ્રેમજી, બાબુ ભગવાનદાસ પનાલાલ, શેઠ કેસરીચંદ ભાણાભાઇ, શેઠ લલ્લુભાઇ કરમચંદ, શા. મોતીચંદ ગીરધર, શા. મકનજી જુઠાભાઇ, શા. મોહનલાલ હેમચંદ, શા. મોહનલાલ દલીચંદ દેશાઇ, સારાભાઇ મોદી, મણીભાઇ ગોકળભાઇ, રાધનપુર સાથમાંથી મણીલાલ મોતીલાલ, જીવણલાલ પ્રતાપચંદ, ગીરધરલાલ ત્રીકમલાલ, જીવણલાલ મોકમચંદ, તેમજ ઝવેરી મોહનલાલ મગનભાઇ, શેઠ રાયચંદ મોતીચંદ કકલભાઇ, બી, મુળચંદ વૈરાટી, કચ્છીભાઇયોમાંથી શેઠ જેઠાભાઇ નરશી, શેઠ રવજી સોજપાળ, શેઠ હરજી ઘેલાભાઇ, દામજી માવજી, હીરજી કાનજી, હાથીભાઇ કલ્યાણજી, શીવજી દેવશી, પંડીત લાલન વગેરે જુદા જુદા દરેક પ્રાંતોના આગેવાન અને ઉત્સાહી ભાઇઓ મળી છેલ્લા દિવસ સુધીમાં પાંચસો આગેવાનોની હાજરી દેખાઇ હતી.

આ કન્વેન્શન સંબંધી વિસ્તાર યુક્ત હેવાલ ઘણા દૈનિક અને અઠવાડીક પેપરોમાં આવી ગયેલ હોવાથી અહીં માત્ર ટુંક સાર આપવામાં આવશે. પ્રથમ દિવસ તા. ૧૧-૪-૧૯૨૫ ના રોજ બપોરના સવાબે વાગે કાર્ય શરૂ થયું હતું. મંગળાચરણ તથા પ્રમુખની ચુંટણી થયા બાદ કેટલાક જૈન બંધુઓએ ભાઇ લાલન તથા શિવજીભાઇને જોવાથી તે માટે આગલી ચર્ચાને ઉપસ્થિત કરી અને એટલો બધો ખળભળાટ બન્ને બાજુએથી થયો કે પ્રમુખશ્રીને પણ કન્વેન્શનનું નાવ વાવાઝોડામાં સપડાયેલું માલુમ પડ્યું; છતાં સમયસૂચકતા વાપરવાથી કન્વેન્શનનું કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂ કરવા આજ્ઞા આપી. બહારગામના તાર તથા પત્રો સહાનુભૂતિના વાંચવામાં આવ્યા. પ્રથમ સત્કાર કમીટીના પ્રમુખ શેઠ દેવકરણ મુળજીભાઇનું આવકાર આપનારૂં ભાષણ વાંચવામાં આવ્યું. ત્યાર બાદ કન્વેન્શનના પ્રમુખ કસ્તુરભાઇ શેઠે પોતાનું ભાષણ શરૂ કરતાં પહેલાં જણાવ્યું કે આજે કામ કરતાં પ્રથમ ઢીલ થઇ છે. તે દીલગીરી ભર્યું છે. ભવિષ્ય માટે કાર્યવાહકો આવા પ્રસંગમાં દીર્ઘદૃષ્ટિથી કામ લે તેમ ઇચ્છું છું. તેટલું કહી પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. ત્યારબાદ પ્રથમ દિવસનું કાર્ય સમાપ્ત થયું હતું. આજે શ્રીયુત ભાઈ લાલન તથા શિવજીભાઇ માટે થયેલા ખળભળાટના માટે તેમજ તેમના નિમિત્તે જે દશ પંદર વર્ષથી ઝગડા ચાલતા હતા તેની શાંતિના માટે આજે રાત્રીના ભાઇ નરોતમદાસ ભાણજીના સુપ્રયત્નથી તથા અમદાવાદના નગર શેઠની બાહોશી ડહાપણ અને સમયસુચકતાથી આ ઝગડાની સમાધાની થયેલી હતી. જેથી તેઓને ધન્યવાદ ઘટે છે. બીજે દિવસ કન્વેન્શન મળતાં પ્રમુખ સાહેબે પ્રથમ જણાવ્યું કે ભાઇ શિવજી અને પં. લાલન દિલગીરી જાહેર કરી કાલના ઠરાવ ઉપર બોલશે. એટલે ગઇ કાલે જોવાયેલી અશાંતિનો અંત આવશે અને તે જાણી સૌ ખુશી થશો. તે ઉપરથી શિવજીભાઇએ ઘણીજ નમ્રતાથી સરલ હૃદયે કહ્યું કે—અમારા માટે કોઇના મનમાં કાંઈ મતભેદ ઉભો થયો હોય તો તે માટે અંતઃકરણથી દીલગીરી જાહેર કરૂં છું વગેરે તેવીજ રીતે પં. લાલને જણાવ્યું કે હું જે કાંઈ કરૂં તે ભલે ક્ષયોપશમથી કરૂં; છતાં તેમાં ભુલનો અવકાશ હોય તો એવા અજાણ્યા દોષ માટે ક્રોડો ગમે ક્ષમા માગું છું. ત્યારબાદ અમદાવાદના નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઇએ કેટલાક વિવેચન સાથે જણાવ્યું કે આપણે એકદીલીથી કામ કરવાનું છે. ભાઇ શિવજી તથા પંડિત લાલને જ્યારે દીલગીરી જાહેર કરી છે અને જુદા જુદા ગામના સંઘો એકઠા થયા છે તો હવે જુની વાતને ભૂલી જઇ આજથી એ ઝગડાનો અંત લાવીએ છીએ. એવામાં મહાત્મા ગાંધીજી પધારતાં સર્વેએ ઉભા થઇ માન આપ્યું હતું, અને ત્યારબાદ પ્રમુખશ્રીએ તેઓશ્રીને બોલવા વિનંતિ કરવાથી મહાત્મા ગાંધીજીએ સમયને અનુસરતું કેટલુંક વિવેચન કરી તેઓ વિદાય થયા હતા. ગઇ કાલે અમદાવાદ નિવાસી બંધુ ગિરધરલાલે કોન્ફરન્સ સિદ્ધાંત મુજબ ભરવી તેવો સુધારો પાછો ખેંચી લેતાં કોન્ફરન્સ ભરવાની આવશ્યકતા સ્વિકારનારો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો. પછી વિષય વિચારિણી કમીટી મળી હતી. જેમાં ઘણો વખત રોકી વિચાર એકત્ર કરી કાર્ય પ્રદેશનો ખરડો તૈયાર કરવામાં આવ્યો હતો.

ત્રીજે દિવસે પૂર્ણ ઉત્સાહ સાથે એકક મળી હતી. મંગળાચરણ થયા બાદ પ્રથમ શેઠ મોતીલાલ મુળજી તથા શેઠ વસનજી ત્રીકમજીની સેવાની યાદ કરી તેમના મરણ માટે દિલગીરીનો ઠરાવ પસાર કર્યો હતો.

ત્યારબાદ ભાઇ મોતીચંદ ગિરધરલાલ કાપડીયાએ બંધારણમાં સુચવાયેલા સુધારા રજુ કરતાં રાજકીય શબ્દ ઉમેરવા ન્યાત, સંઘ, મહાજન અને પંચના તકરારી વિવાદગ્રસ્ત વિષયો સીધી કે આડકતરી રીતે કોન્ફરન્સે હાથ ધરવા નહીં, દરવર્ષ કોન્ફરન્સ કરવી. સ્ત્રીઓ પ્રતિનિધિ તરીકે ચુંટાઇ શકે વગેરે ઠરાવો થયા હતા.

બીજો ઠરાવ શેઠ કુંવરજી આણંદજીએ રજુ કર્યો કે કોન્ફરન્સ મળવા અગાઉ બે મહિને જે કોઇ પણ વ્યક્તિ કે સંઘ ચર્ચવા યોગ્ય મુદ્દા રજુ કરી શકે અને મહિના પહેલા ઠરાવનો ખરડો દરેક સ્થળે તથા વર્તમાન પત્રોને પહોંચાડવાની ફરજ રહેશે તેમ ઠરાવ થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજો ઠરાવ શ્રીયુત ઢઢ્ઢાજી ગુલાબચંદજીએ સુકૃત ભંડાર ફંડની યોજના ચાલુ કરવા ઠરાવ કર્યો અને તેને જુદા જુદા પ્રાંતોના પ્રતિનિધિઓએ ટેકો આપ્યો. જેથી તેજ વખતે તે ખાતે રૂા પચીશ હજાર ઉપરાંતનું ફંડ થયું હતું. હાજર રહેલી બ્હેનોએ પણ થોડો ફાળો આપ્યો હતો.

વોલન્ટીયરની સેવાથી ખુશી થતાં રૂા. ૨૦૧) ચાંદ માટે આપવામાં આવ્યા હતા.

ચોથો ઠરાવ ઓછા ખર્ચે કોન્ફરન્સ બોલાવી શકાય, પાંચમો આમંત્રણ ન હોય તો તીર્થ સ્થળે કે છેવટ મુંબઇમાં દર વર્ષે કોન્ફરન્સ મેળવવી. છઠ્ઠો ઠરાવ હવે પછી કોન્ફરન્સ મળતાં સુધી મકનજી જુઠાભાઇ મહેતા તથા મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ મુંબઇ ઓફીસ સાથે જનરલ સેક્રેટરી તરીકે કાર્ય કરે અને બંગાળાખાતે રાયકુમારસિંહજી તથા મારવાડ વગેરે માટે શ્રીયુત ઢઢ્ઢા સાહેબને કાયમ રાખવા ( આ૦ જનરલ સેક્રેટરીની જગ્યા કાઢી નાખવામાં આવી ) તેવા ઠરાવો કરવામાં આવ્યા.

છેવટે ઉપસંહાર કરતાં આ કન્વેન્શનની ન ધારેલી ફતેહ માટે પ્રમુખે વિવેચન કર્યું છેવટે પ્રમુખ સાહેબ, આવેલ પ્રતિનિધિઓ, કન્વેન્શનના સેક્રેટરી, વોલન્ટીયર સર્વનો આભાર માનવાની દરખાસ્તો કરવામાં આવી. પછી તેજ વખતે આવેલા મહેમાનોને ગાર્ડનપાર્ટી આપી હર્ષનાદ વચ્ચે મેળાવડો બરખાસ્ત થયો હતો.

## પ્રવર્ત્તકજીશ્રી કાન્તિવિજયજી મહારાજ ઉપર લીંબડીના નામદાર ઠાકોર સાહેબ દોલતસિંહજી કે, સી, આઇ, ઇ. તરફથી તથા ગુજરાત ઉમેટાના ઠાકોરસાહેબ શ્રીમાન્ રાયસિંહજી બહાદૂર તરફથી આવેલા પત્રો તથા લીંબડી ઠાકોર સાહેબે કરેલા જીવહિંસા પ્રતિબંધના ઠરાવની નકલ.

**નોટ**—પ્રાચીન કાળમાં અને કેટલાંક વર્ષો ઉપર જૈન મુનિરાજો જૈનોની જેમ રાજા મહારાજાઓને પણ ઉપદેશ આપી જૈની બનાવતા અથવા જીવદયાના અને એવાં બીજા ધાર્મિક અને સામાજીક કાર્યો રાજાઓને ઉપદેશ આપી જનસમાજના કે દેશના ઉપકાર નિમિત્ત અનેક ઉત્તમ કાર્યો કરાવતા. દાખલા તરીકે શ્રીમાન્ હીરવિજયજી સુરિજીએ અકબરબાદશાહને પ્રતિબોધી જીવદયા પળાવી અને શ્રીમાન્ હેમચંદ્રાચાર્યે કુમારપાળ રાજાને પ્રતિબોધી જૈન ધર્મી બનાવી અનેક ધર્મના કાર્યો તેના હસ્તે કરાવ્યા. એટલે કે એક સામાન્ય મનુષ્ય કરતાં રાજાઓને ઉપદેશ આપવાથી અનેક પરંપરાએ ધાર્મિક કાર્યો થાય છે અને તેની વૃદ્ધિ થાય છે. આ કુમારપાળ રાજાને પ્રતિબોધી ધર્મી બનાવ્યાનો દાખલો છેલ્લો છે, એટલે અત્યાર સુધી ને પછી બીજા રાજાને તેવો ઉપદેશ આપેલો જાણવામાં નથી. પરંતુ જણાવવાને આનંદ થાય છે કે, પ્રવર્ત્તકજી **મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજ** બે વર્ષ પહેલા લીંબડી ગામમાં ચાતુર્માસ હતા. દરમ્યાન ત્યાંના નામદાર દરબારશ્રીના સમાગમમાં આવતાં આ મહાત્માની શાંતતા, પ્રેમાળપણું, અને ઉપદેશ શૈલી અનુભવસિદ્ધ હોવાથી લીંબડીના દરબારશ્રીને પ્રસંગવશાત્ ઉપદેશ આપતા, એટલુંજ નહિં પરંતુ લીંબડી નરેશશ્રીને જૈનધર્મ માટે માન પણ કાંઇ હતું તેમાં મહારાજજીના ઉપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશથી વૃદ્ધિ થતાં હાલમાં ગયા ફાગણ શુદ ૫ ના રોજ ત્યાંના જૈનવિદ્યાર્થી ભુવનના નવા થયેલા જિન મંદિરમાં પ્રતિષ્ઠા થતાં લીંબડીના નામદાર દરબારશ્રીએ પ્રતિષ્ઠા કરવા માટે નકરાના રૂપૈયા બોલી તે માન અને મનુષ્ય જન્મની સાર્થકતા પ્રાપ્ત કરી હતી. છેવટે પ્રતિષ્ઠા તે વિદ્યાર્થી ભુવનના સ્થાપનામાં મુખ્ય ફાળો આપનાર શ્રી કોઠારીને હાથે કરાવી દરબારશ્રીએ કળશ ચઢાવ્યો હતો તે દરમ્યાનમાં પ્રવર્ત્તકજી મહારાજે એક પત્ર ઉપદેશથી ભરપૂર પ્રસંગવશાત્ જીવદયા માટે દાન માંગવા માટે, લીંબડીના નામદાર ઠાકોર સાહેબને લખેલો. ને ઉપદેશના રંગે રંગાયેલા નામદાર ઠાકોર સાહેબે તે પત્ર વાંચી તે પ્રતિષ્ઠાના દિવસે લીંબડી ગામમાં કાયમને માટે જીવ દયા પળાવવા કરેલ ઠરાવ અને ઉક્ત મહાત્માને તે માટે લખેલો જવાબ બંને જૈન સમાજની જાણ માટે આ નીચે પ્રગટ કરવામાં આવે છે. બીજો પત્ર ઉમેટા ગામ કે જે ગુજરાતમાં આવેલ છે, ત્યાંના દરબારશ્રીને પણ પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજે પોતાના ગુરૂવર્યશ્રી આત્મારામજી મહારાજની સ્વર્ગવાસ તીથી જેઠ શુદ ૮ ના રોજ જીવહિંસા બંધ કરવાનો કાયમી ઠરાવ કરાવવા લખેલો જે ત્યાંના દરબારશ્રીએ કરેલ તે પણ આ સાથે આપવામાં આવે છે. આપણા મુનિ મહારાજોના સુપ્રયત્નોથી અત્યારે પણ કેવા કેવા કાર્યો થાય છે અને ઉપદેશ તથા સુપ્રયત્નો વડે અનેક વિદ્વાન મુનિમહારાજો આપણી સમાજમાં છે તેઓ જૈનધર્મ અને જનસમાજના અનેક ઉપકારના કાર્યો કરવા ધારે તો કરી શકે તેવું છે. આ જમાનામાં તો ગણુના પણ ત્યારેજ થઇ શકે તેવું છે, જેથી આમારો દરેક મુનિ મહારાજાઓને નમ્ર વિનંતિ છે કે અંદરઅંદરના કાંઇ હુખાટો હોય તો દૂર કરી જૈન કોમ અને ધર્મની ઉન્નતિ અર્થે જનસમાજ અને દેશની આબાદી અને સનાતન જૈનધર્મની વૃદ્ધિ અર્થે હવે કાંઇ કરી બતાવવાની જરૂર છે તેવો જમાનો આવી લાગ્યો છે.

( સેક્રેટરી )

તા. ૨-૩-૨૫

**દિગ્ભુવન પેલેસ—લીંબડી.**

## પત્ર ૧ લો.

## પૂજ્ય ગુરૂ મહારાજ શ્રી કાંતિવિજયજી.

આપનો કૃપા પત્ર આશીર્વાદથી ભરપુર આવ્યો. તે વાંચી ઘણોજ આભારી થયો છઉં. આહીં સૌ બહુ સારી રીતે અલબત થઇ ગયું છે. પણ તેમાં આપની ગેરહાજરી ખાસ પ્રત્યક્ષ જણાઈ આવતી હતી. આપ આ પ્રસંગે હોત તો અમારા સૌ પ્રયાસને સોનાને સુગંધિત બનાવ્યા પ્રમાણે થાત.

હવે આપ વ્હેલા પધારી આ સ્થાનને આપના આશિર્વાદ આપો, તેમજ તેમાં બીરાજેલ ભવ્ય મૂર્તિનાં દર્શન કરી પ્રસન્ન થાઓ. ઘણાં જૈન મંદિરોના મેં દર્શન કર્યાં છે. પણ આવી સૌંદર્યવાળી મૂર્તિ મેં કયાંય પણ જોઇ નથી.

આપે મારી પાસે દાન માગ્યું એ પણ મારા સદ્ભાગ્ય. અને આપ માગો અને હું ન આપું એ પણ કેમ બને ? તેથી તે પ્રમાણે હુકમ થઈ ગયેલ છે. જેના ખબર આપશ્રીને આહીંના કોઈ ગૃહસ્થ તરફથી હુકમ ગેઝેટમાં છપાઈને બહાર પડયેથી મળશે.

આપ લખો છો કે આપ અમને બીજું શું આપી શકો ? પણ આપ અમોને પ્રભુ પોતે પણ ન આપી શકે તે સાધુનો ખરા અંતઃકરણનો આશિર્વાદ છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુને ફલીભૂત કરી આપવોજ પડે છે. એવા અનેક દાખલા છે. નશીબમાં હોય તે પ્રભુ આપે અને નશીબમાં ન હોય તે પણ સાધુ આપી દીયે છે. તેથી આપનો જીગરનો મારા તરફ આશિર્વાદ છે એજ આ સૌ શુભ કાર્યનું કારણ છે.

ત્યાંનું મહાજન મારા તરફ ભાવ બતાવે એ સ્વાભાવિક છે. કેમકે તેમની સૌની સાથે હું ઉછર્યો છઉં. સૌ નાના મોટાને જાણું છઉં. એટલે ત્યાંનું મહાજન મારા તરફ જરા પક્ષપાત પણ દર્શાવે, કેમકે તેમની સાથેનો જ માણુસ પ્રભુ કૃપાએ સારી સ્થિતિએ જાય તે તેમને પણ અભિમાન લેવાનું કારણ છે. તેથી તે સૌનો પણ હું રૂણી થયો છઉં.

મારા કર્ત્તવ્ય સિવાય મેં કાંઇ વધુ કર્યું નથી. અમારૂં કર્તવ્ય અમે ભૂલી જઇએ તો અમારા કમભાગ્ય. અને અમારૂં કર્તવ્ય કરવામાં આવી ભાવના પેદા થઇ, અમને ઉંચ ગતિ પામવા તેવો સહેલો પ્રભાવ મેળવવો પણ અમે ભૂલી જઇએ તો અમારાજ કમભાગ્ય. અમારી ફરજ બજાવતાં ધન્યવાદ મળે તેને અમે પાત્ર ન હોવા છતાં લોકો તેમ માને એવું ભાગ્ય સંપાદન કરવા સૌને પ્રભુ શામાટે બુદ્ધિ નહિ આપતો હોય ? તે હું સમજી શકતો નથી. આપની સાથેના સૌ સાધુ મહારાજને મારી વંદના કહેશો. મારા લાયક ધર્મ ધ્યાનનો બોધ હંમેશા લખશો એજ.

લી૦ સેવક.

**( સહી ) દોલતસિંહની વંદના વાંચશોજી.**

## લીંબડી દરબારી ગેઝેટ.

પુ. ૧૬ મું.

તા. ૧ માર્ચ સને ૧૯૨૫

રવિવાર.

અં. ક્રુ. નાં ૧૫૩ પાના ૯૨

ઠરાવ.

લીંબડી શહેરમાં મુંબઈનાં મરહુમ શેઠ ખેતસી ખેવશીભાઇ તરફથી શ્રી શાંન્તિનાથજીનું દેરાસર બંધાવેલું છે. તેની પ્રતિષ્ટા સંવત ૧૯૮૧ના ફાગણ શુદ ૫ શનિવાર તા. ૨૭–૨–૧૯૨૫ની થઇ. તે કાર્યમાં દેવાલય ઉપર ઇંડું ચડાવવાની ક્રીયા નામદાર બુદાવીંદ ઠાકોરસાહેબશ્રીના સ્વહસ્તથી થએલી હોઇ તેની યાદગીરી માટે દરવરસે ફાગણ શુદ ૫ અહીંના નં. ૭૯૮ તા. ૧૯–૭-૧૯૦૮ માં દર્શાવેલ જીવહીંસાના પ્રતિબંધનાં દીવસોનાં લીસ્ટમ ઉમેરવામાં આવે છે અને આ હુકમથી તે અનુસાર દર વરસે ફાગણ શુદ ૫ ના રોજ તમામ પ્રકારની જીવહીંસા માટે સખત મનાઇ કરવામાં આવે છે. તા. ૨૮–૨–૨૫

**કોઠારી વૃજલાલ જીવાભાઇ**

**ફોર. મુખ્ય કારભારી શ. લીંબડી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉમેટા તા. ૨૮–૩–૨૫

મહારાજ સા. શ્રી કાન્તિવિજયજી મહારાજ

સાહેબ, મુ. જામનગર

ઉમેટાથી લી. દરબાર સા. શ્રી રામસીંહજી નાં વંદન વાંચશોજી. આપના તરફથી મહારાજ સા. શ્રી હંસવિજયજી મહારાજ સા. મારફતે પત્ર મોકલ્યો, તેમાં જેઠ સુદ ૮ ને દીવસે શ્રી આત્મારામજી મહારાજ સા. ની તિથિ હોવાથી જીવહીંસા ન થવા પામે તેવી મતલબનો બંદોબસ્ત થવા સંબંધનો ફરમાન થવાથી તે પ્રમાણે મેં બંદોબસ્ત કરી દીધો છે. તે આપને જાણવા સારૂં આ પત્ર લખું છઉં. આપે આવી રીતે પત્ર લખી મને કૃતાર્થ કીધો છે તેને માટે આભારી છઉં. અત્રે મહારાજ સા. શ્રી આચાર્ય મહારાજ સા. તેમજ મહારાજ હંસવિજયજીની વાણીનો લાભ મળ્યો છે. તેમજ આપના તરફથી એક વખત લાભ મળશે એમ આશા રાખું છું.

( સહી ) *Ramsinhji.*
ઠાકોરશ્રી ઉમેટા.

## મુનિ મહારાજના વિહારથી થતાં અનેક લાભો—

પૂ. મુનિરાજોના વિહારથી અનેક જીવોને ઉપકાર તથા ધર્મપ્રચાર અને કેટલીક વખત જૈન ઇતિહાસપર અજવાળું પણ પડે છે. આ નીચે અમો જે હકીકત પ્રકટ કરીયે છીએ તે ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરીશ્વર–આત્મારામજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજના હિંદુસ્તાનના દક્ષીણ ભાગ–નિઝામ સ્ટેટ તથા મદ્રાસ જીલ્લાના વિહારના સંબંધમાં કે જ્યાં મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજનો 'મુનિ' તરીકે જાણવા પ્રમાણે પ્રથમ વિહાર છે. તેઓશ્રીએ ત્યાંના વિહારમાં કરેલ પ્રાચીન તીર્થોની યાત્રા અને વર્ણન હોવાથી જૈન સમજને જાણવા લાયક હોવાથી આ સભા ઉપર આવેલો તે સંબંધનો તેઓશ્રીનો પત્ર આ નીચે રજુ કરીયે છીએ. ( સેક્રેટરી. )

ઇલાકો મદ્રાસ–જીલ્લો ગંતુર
તેનાલી તા. ૨૨–૪–૨૫

શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી સાહેબ જોગ—મુનિ રાજવિજયજી ઠાણા ત્રણના ધર્મલાભ સાથે લખવાનું જે તમોને છેલ્લો પત્ર સોલાપુરથી લખ્યો હતો. ત્યારબાદ અમોએ ત્યાંથી તુર્ત તીર્થ કુલપાકજી તરફ વિહાર કર્યો. સાથે શ્રાવક શ્રાવિકા મળી માણસો ૨૫ હતાં. સોલાપુરથી હૈદરાબાદ નીઝામ ૨૦૦] માઇલ થાય છે. ત્યાં દીવસ ૧૯ મે પહોંચ્યાં, ત્યાં ૫ દિવસ રહી શહેરનાં ૪ દેરાંના તથા દાદાવાડીનાં દર્શન કરીને કુલપાકજી રવાના થયા. તે ૫ દીવસે ત્યાં પહોંચ્યાં. સંઘ સાથે ૭ દિવસ ત્યાં રોકાણા. યાત્રા મોટા આનંદથી કરી. કુલપાકજીમાં બીઝવાડાના શ્રાવકો આવ્યા, તેમણે બીઝવાડાની વિશેષ વિનંતી કરવાથી આ તરફ આવવાના ભાવ થયા. કુલપાકજીથી ૫ દિવસે વરંગલ પહોંચ્યાં. ૫૦ માઇલ ગામ મોટું શહેર છે. નીઝામના ૪ પ્રાંતમાંનો એક પ્રાંત છે. ૨૧ પેઠો મળીને આ શહેર છે. નીઝામની છાવણી છે. સુબો રહે છે ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩॥ દિવસ રહી ૮ દિવસે ખંમ્મામેર પહોંચ્યાં. તે પણ શહેર મોટું છે ત્યાં ૧ દુકાન દીગંબર જૈન માંગીલાલજી કનૈયાલાલની છે. માણસ ઘણા લાયક અને વિવેકી હોવાથી પોતાના નવા મકાનમાં ઉતરવાની સવડ કરી બે દિવસ રોકયા. વરંગલથી ખંમ્મામેર ૬૪ માઇલ ૯ દિવસે આવ્યા. રસ્તામાં ઝાડી લાગી. ત્યાંથી ૧૦ માઇલ ઉપર વેરાટ રાજાની રાજધાની જે વેરાટ નગર ત્યાં હાલ બાનાપુર નામનું ગામ છે ત્યાં ૧ દીવસ મહાદેવના દેવળમાં મુકામ કર્યો. બાનાપુર ગામમાં પાંડવોએ પોતાનાં શસ્ત્રો ગુપ્ત રાખેલાં તે કાઢીને પુજેલાં. તેથી તે ગામનું બાણુપુર નામ પડેલું છે. ત્યાંથી વેરાટનગર ૬ માઇલ છે. હાલમાં કોંડાપલ્લી કહેવાય છે. આ પ્રાંતમાં તેલંગી સીવાય બીજી ભાષા સમજતા નથી. ગરમીનો અંત નથી. ત્યાંથી ૭ દીવસે બીઝવાડે આવ્યા. વચમાં ૪ ગામ મોટાં આવ્યાં હતાં. બીઝવાડાની દક્ષિણ બાજુમાં કૃષ્ણા નદી છે. જેનું ૧॥ માઇલનું પાત્ર છે તેમાંથી મદ્રાસ સરકારે બે કેનાલો કાઢી છે. ૧ કૃષ્ણા જીલ્લો આખો પાણીથી ભીંજવે છે ને બીજી મદ્રાસ લગી ગઇ છે. તેનું પાણી ત્રણ જીલ્લાને અપાય છે. મુખ્ય પાક ચાવલ, હલદી મરચાં આ મુખ્ય પાકો છે સિવાય બીજા બધા પાકો છે. બીઝવાડા કૃષ્ણા જીલ્લામાં છે. હાલ સીરોહી ઝાલોર તરફની ૨૫ તથા બે કચ્છીભાઇયોની મળી ૨૭ દુકાનો છે, દેરાસર સારૂં છે. ત્યાં ૧૫ દીવસ રોકાણા. ગંટુર મંગલગિરિ તેનાલી અને ગુડિવાડાના શ્રાવકો વિનંતી સારૂ આવ્યા હતા તેથી ૧ દીવસ મંગલગિરિ મુકામ કર્યો. ત્યાં ૧ દિવસ રોકાણા. ત્રણ દુકાનો છે. બીજે દિવસે ત્યાંથી દુર્ગારાલા ૯ માઇલ આવ્યા, ત્યાં સીતારામ રંગાયા તેલંગા કણબીની ફેકટરીના બંગલામાં મુકામ કર્યો. ત્યાં બીઝવાડા ગંટુર મંગલગીરી ને તેનાલીની મંડળી આસરે ૪૦–૫૦ બરોબર હતી તેનું જમણ તેને ત્યાં થયું, જુનાગઢના નાગર પ્રભુદત તથા ૧ ગુજરાતી બ્રાહ્મણ રસોઇમાં હતા. ત્યાં અમદાવાદ પાસેના બોરીયાવી ગામના મોઢ સોમચંદભાઇ, સુરતના વીઠલદાસ, ઉપલેટાના જમનાદાસ ને અમદાવાદના ગીરધરલાલ, જુનાગઢના પ્રભુદત્ત તમામ વૈષ્ણવોએ જૈનો કરતાં પણ સારો ભાગ લીધો હતો. બીજે દિવસે જાફરાબાદના કપોલ રા. મનજીભાઇની ફેકટરી ત્યાં છે. તે પણ સંઘને મોટા આગ્રહથી પોતાને ત્યાં જમાડ્યો હતો એક જાહેર વ્યાખ્યાન અહીંસા પર ત્યાં આપ્યું હતું. ને ૨ સીતારામજીની ફેકટરીમાં જૈન દર્શન અને વૈષ્ણવો ઉપર થયાં હતાં. ત્યાંથી તેનાલી આવ્યા હતા. ૬ માઇલ તેનાલી લગી ઉપરના તમામ વૈષ્ણવ ભાઇઓ પણ સાથે ચાલતા આવ્યા હતા. અહીંયા ૧૬ દુકાનો ને ઘર દેરાસર છે. સામૈયું મોટા ઠાઠથી કાઢવામાં આવ્યું હતું. આ ભાગમાં તેલંગી ને ઇંગ્રેજી ભાષા ઘણી છે. રોજે આ દેશના બ્રાહ્મણો બાઇઓ ભાઇઓ તેમ ઇતર જાતી દર્શને હજારોની સંખ્યામાં આવે છે અમને અહીંની બોલી ન આવડવાથી મધ્યસ્થ હીંદી તેલંગા સમજનારને રાખવા પડે છે. લોકો શ્રદ્ધાવાન ને જીજ્ઞાસુ છે, પરંતુ ભાષાના અભાવે અડચણ પડે છે. સારા વિદ્વાનો વકીલો પણ આવે છે. જૈન દર્શન સમજવાને ખુશી છે. પગે ચાલીને આવ્યા જાણી ઘણા ખુશી થાય છે,

અહીં અખાત્રીજ કરી દહેરાનું ખાતમુહુર્ત કરાવી ગુંટુર ૧૫ માઇલ છે ત્યાં જાશું. ત્યાં થોડા દિવસ રહી પાછા બીઝવાડા જાશું. તેનાલીથી મદ્રાસ ૨૪૫ માઇલ છે. સીધી સડક છે ને મદરાસ રેલ્વે પણ છે. ગંટુરમાં ૧૮–૨૦ દુકાનો છે ત્યાં પણ ઘર દેરાસર છે. શહેર જીલ્લાનું છે. ત્યાંથી ૫૦ કોસ ઉપર નંદીયાલ જીલ્લો છે ને તેનાજ નજીકમાં શ્રી શૈલ પર્વત છે ત્યાં મલ્લીકા અર્જુન મહાદેવ બાર જ્યોતીર્લીંગ પૈકી છે. જૈનોની સંખ્યાબંધ ગુફાઓ ને મૂર્તિઓ છે. પણ રસ્તામાં જૈન વસ્તી નથી. આ એકંદર મદ્રાસ ઇલાકો છે. પૂર્વસમુદ્ર અહીંથી ૨૪ માઇલ મછલીપટ્ટનમાં છે. આ પ્રમાણે દેખવા તથા જાણવામાં આવ્યું તે લખ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આત્માનંદ પ્રકાશનો વધારો.

# વિનંતિ પત્ર.

અથી સર્વ જૈન શ્વેતામ્બર મૂર્તિ પૂજક ભાઇઓ તથા બહેનોને ખબર આપવામાં આવે છે કે, ભરૂચ જીલ્લાના જંબુસર તાલુકામાં કાવી ગામે આપણું મહાન તીર્થ આવેલું છે. ત્યાં બે મ્હોટાં બાવન જીનાલયો છે. તેમાં હીરવિજયસૂરિ મહારાજે પ્રતિષ્ઠાઓ કરાવેલી છે. અને તે "સાસુ વહુનાં દહેરાસર" એ નામથી ઓળખાય છે. તે દહેરાસરોના જીર્ણોદ્ધારનું કામ હાલ પાંચ વર્ષ થયાં ચાલે છે, તેના માટે મુંબઇ, સુરત, ભરૂચ, અમદાવાદ અને ભાવનગર વિગેરે શહેરો તથા ગામડાના દહેરાસરોમાંથી ઘણી સારી મદદ મળી છે.

વહુના નામથી જે મ્હોટું દહેરાસર ઓળખાય છે, તે દહેરાસરની અંદર ફરતા બાવન જીનાલયનાં શિખરો છે, અને તેમાંથી કોઇ કારણસર પ્રતિમાઓ ઉપાડી લેવામાં આવી હશે; તેથી તેને ફરી પ્રતિષ્ઠિત કરવાની જરૂર છે. માટે જે ગ્રહસ્થો તથા બહેનોને તે દહેરાસરમાં પ્રતિમાજી પધરાવવાની ઇચ્છા હોય તે પ્રતિમાજી તથા દેયડીના નકરાના રૂપૈયા એક હજાર એક આપી, અમો નીચે સહી કરનારાઓને ખબર આપવાથી નોંધવામાં આવશે, અને તે પ્રતિષ્ઠા તેમના હાથે કરાવવામાં આવશે; આ દેહેરાસરના જીર્ણોદ્ધારનું કામ હજુ એક લાખ રૂપૈયાનું બાકી છે. તેમાં આ નકરાના રૂપૈયા ખરચવામાં આવશે. અને આ કામ વિનંતી પત્ર કાઢયાના તારીખથી બે વર્ષની અંદર તૈયાર કરાવી, પ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવરાવી, પ્રતિષ્ઠાની તારીખ મુકરર કરી, જે જે નામો નોંધાયાં હશે તેને ખબર આપવામા આવશે, અને સદહું દહેરાસર ઉપર તેમના નામની તખતી ચહોડવામાં આવશે.

આ દહેરાસરની દેયડી, જે પ્રતિષ્ઠા વખતે જીર્ણોદ્ધાર થઇને તૈયાર થવાની, તે આજે નવીન કરાવવા કોઈ માગે તો ઓછામાં ઓછા દશ હજાર રૂપૈયા ખર્ચતાં પણ તેવી બની શકે નહીં; માટે આવો અપૂર્વ લાભ લેવાને ન ચુકતાં તેઓએ તાકીદથી નામ નોંધાવવા આ વિનંતી છે. મહા વદ ૧૧ ને ગુરૂવાર.

૧ શેઠ દીપચંદ કસળચંદ પોષ્ટ ચેમાર ગામ મુ. અંગારેશ્વર
૨ શેઠ માણેકચંદ મલુકચંદ મુ. અંકલેશ્વર
૩ શેઠ મ્હોનલાલ મગનભાઇ શરૂપચંદ અમદાવાદ ઠે. રાજા મહેતાની પોળમાં લક્ષ્મીનારાયણની પોળ
૪ શેઠ મગનલાલ ઉમેદચંદ મુ. અમદાવાદ ઠે. હાજા પટેલની પોળમાં ખારાકુવાનીપોળ
૫ શા. મણિલાલ લલ્લુભાઈ તેલી મુ. અમદાવાદ ઠે. હાજા પટેલની પોળમાં ખારા કુવાની પોળ
૬ વકીલ કેશવલાલ પ્રેમચંદ મુ. અમદાવાદ ઠે. હાજા પટેલની પોળમાં ખારા કુવાની પોળ

આનંદસાગર પ્રી. પ્રેસ,—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પુસ્તક પહોંચ.

૧ લાહોર પ્રતિષ્ઠા મહોત્સવ અને પદવી પ્રદાનની બુક લાહોર ( પંજાબ ) ની શ્રી જૈન આત્માનંદ જૈન સભા તરફથી મળી છે. અભિપ્રાય હવે પછી લેવાશે.
૨ શ્રી વીરતત્વ પ્રકાશક મંડલનો ચોથા પાંચમા વર્ષનો રીપોર્ટ.
૩ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ એજ્યુકેશન બોર્ડનો સંવત ૧૯૭૧ થી ૧૯૮૦ નો રીપોર્ટ.
૪ સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ પાલીતાણા નો સં. ૧૯૭૭ થી ૧૯૭૯ નો રીપોર્ટ.
૫ વિહારદર્શન સંપાદક મુની શ્રી જ્ઞાનાનંદજયજી. હાલ પાલીતાણા.
૬ ચંદરાજાનું ચરિત્ર સચિત્ર કિં ૨-૮-૦ મેસર્સ મેઘજી હીરજીની કું. મુંબઇ.
૭ જૈન તત્વપ્રવેશક જ્ઞાનમાળા. સ૦ મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ. પાલીતાણા.
૮ શ્રી નવપદ મહાત્મ્ય અને વીશ સ્થાનક વર્ધમાન તપગુણ વર્ણન. જૈન યુવક મંડળ. સાણંદ.

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ ઝવેરી કાન્તીલાલ મગનલાલ | મુંબઇ | પે. વ. લાઇફ મેમ્બર |
| ૨ માસ્તર અમીચંદ દીપચંદ | ભાવનગર | બી. વ. લાઇફ મેમ્બર |
| ૩ શા દામોદરદાસ દયાળજી | ,, | ,, |
| ૪ સંઘવી વેલચંદ નારણદાસ | મુંબઇ | ,, |

**ઇનામી નિબંધ**—સુરત જીલ્લા જૈન યુવક મંડળ તરફથી સમગ્ર હિંદના જૈન સ્ત્રી પુરૂષો પાસેથી 'જૈનોની હાલની સ્થિતિ અને તે માટે લેવા જોઇતા ઉપાયો' અને સ્ત્રીઓ પાસેથી 'જૈન સ્ત્રીઓની હાલની સ્થિતિ અને તે માટે લેવા જોઇતા ઉપાયો' એ વિષયો ઉપર તા. ૧ લી મે સુધીમાં ઇનામી નિબંધ માગવામાં આવ્યા છે. વધુ ખુલાસા માટે મંત્રીને સુરત લખવું.

સુરત જીલ્લા જૈન યુવક મંડળ એ પ્રીલ. **મંત્રી.**

## મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી ( પંજાબી ) મહારાજનો સ્વર્ગવાસ.

મારવાડ નાણા ગામમાં ગયા ચૈત્ર વદી ૫ના રોજ ૭૧ વર્ષની વૃદ્ધ વયે ૪૭ વર્ષે શુદ્ધ ચારિત્ર પછી થોડા દિવસની બિમારી ભોગવી સમાધિપૂર્વક ઉક્ત મહાત્મા સ્વર્ગવાસ પામ્યા છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજ પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદ સૂરિ ( શ્રી આત્મારામજી મહારાજના સ્વહસ્ત દિક્ષીત અને મુનિરાજ શ્રી ચારિત્રવિજયજીના શિષ્ય હતા, મુનિરાજ શ્રી અમીવિજયજી મહારાજના ગુરૂભાઇ અને હાલના સમુદાયમાં બીજે નંબરે દીક્ષાપર્યાયમાં હતા. તેઓશ્રીનું હૃદય સરલ, શાંત, પવિત્ર, નિષ્કલંક ચારિત્ર અને સ્વભાવ નિસ્પૃહી હતો. આવા એક ઉત્તમ ચારિત્રપાત્ર મુનિરાજના સ્વર્ગવાસથી જૈનકોમને એક મુનિરત્નની ખોટ પડી છે. અમો તે માટે ઘણાં જ દિલગીર છીયે. ચારિત્રપાત્ર મુનિરત્નના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

## " શ્રી પૂજા સંગ્રહ. "

### ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) કૃત પાંચ, મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત સત્તર, તથા શ્રીમાન્ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ કૃત એક પૂજા.

મળી કુલ ત્રેવીશ પૂજાનો સંગ્રહ એક સાથે સુશોભિત ગુજરાતી ટાઇપમાં ઉંચા કાગળોમાં છપાવી સુંદર કપડાના પાકા બાઇડીંગથી બંધાવી શુમારે પાંચસે પાનાનો આ દળદાર ગ્રંથ હાલમાં પ્રકટ થયેલ છે. આ પૂજાસગ્રહમાં મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજે અષ્ટાપદજી તથા શ્રી બ્રહ્મચર્યપદની છેલ્લી બનાવેલી પૂજા તો અલૌકિક ભાવગ્રાહી, પદલાલીત્વપણાથી એટલી બધી સુંદર બનેલી છે કે તે પૂજા ભણાવનારા બંધુઓએ અને વાંચકવર્ગે એક અવાજે વખાણ કરેલા છે, આ ગ્રંથમાં આવેલી પૂજાઓ જુદા જુદા રાગરાગિણીથી અલંકૃત થયેલ હોવાથી ભણાવનાર અને સાંભળનારને આલ્હાદ ઉત્પન્ન કરે છે. સર્વ બંધુઓએ-દેવભક્તિના ઉત્સુકો લાભ લે તે હેતુથી તેની કિંમત ઘટાડી ફક્ત ૧-૮-૦ દોઢ રૂપીયો રાખેલ છે. જેથી દરેક જૈન બંધુઓએ મંગાવી લાભ લેવા ચુકવું નહીં.

મળવાનું ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

---

## વાંચનના પ્રેમી બંધુઓ માટે ખાસ નવા વાંચવા યોગ્ય ઉત્તમ ગ્રંથો.

| | |
|---|---|
| ૧ પંચપરમેષ્ઠી ગુણમાળા. | ૧-૮-૦ |
| ૨ સુમુખનૃપાદિ કથા. | ૧-૦-૦ |
| ૩ શ્રીનેમનાથ ચરિત્ર. | ૨-૦-૦ |
| ૪ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો | ૨-૦-૦ |
| ૫ શ્રીસુપાર્શ્વનાથ ચારત્ર બીજો ભાગ. | ૨-૮-૦ |
| ૬ આત્મ પ્રબોધ. | ૨-૮-૦ |
| ૭ શ્રાદ્ધગુણ વિવરણ શ્રાવકોપયોગી. | ૧-૮-૦ |
| ૮ શ્રી પંચપ્રતિક્રમણ વિધિ સહિત વાંચી જવાથી ઘેર બેઠા થઇ શકે છે. | ૨-૦-૦ |
| ૯ શ્રીજંબુસ્વામી ચરિત્ર આદર્શ | ૦-૮-૦ |
| ૧૦ શ્રી ચંપકમાલા સતી આદર્શ ચરિત્ર | ૦-૮-૦ |
| ૧૧ સંબોધસિત્તરી-જૈનતત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ. | ૧-૦-૦ |
| ૧૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ઐતિહાસિક કથા ગ્રંથ. | ૧-૦-૦ |
| ૧૩ શ્રી વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧થી૪ | ૨-૦-૦ |
| ૧૪ આદર્શ જૈન સ્ત્રીરત્નો. | ૧-૦-૦ |
| ૧૫ શ્રી આત્મવલ્લભ પૂજા સંગ્રહ | ૧-૮-૦ |
| ૧૬ શ્રી દાન પ્રદીપ-દાનનું અદ્ભુત કથાઓ સહિત વર્ણન. | ૩-૦-૦ |

## અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ જૈન ઐતિહાસિક ગુર્જર રાસ સંગ્રહ
૨ ષટ્સ્થાનક સટીક.
૩ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૪ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૫ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૬ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૭ લિંગાનુશાસનસ્વોપજ્ઞ ( ટીકા સાથે)
૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય.
૯ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૦ ધર્મરત્ન પ્રકરણ ભાષાંતર.
૧૧ ચૈત્યવંદન મહાભાષ્ય ભાષાંતર.
૧૨ નવતત્ત્વ ભાષ્ય ( ભાષાંતર )
૧૩ પ્રભાવક ચરિત્ર ભાષાંતર.
૧૪ શ્રી કુમારપાળ પ્રતિબોધ—શેઠ નાગરદાસભાઇ પુરૂષોતદાસ તરફથી અનેક ઉપદેશક કથાઓ સહિત.
૧૫ આચારોપદેશ. શેઠ હકમચંદ વલમજી મોરબી તરફથી.

નંબર ૯-૧૦-૧૧-૧૨-૧૩ ગ્રંથમાં મદદની અપેક્ષા છે.